સહજ-સત્સંગ

અંક : ૨૮૨ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા જૂન - ૨૦૧૨

શ્રી વૈદનાથમ્

(પરળી - મરાઠાવાડા) (દેવગઢ - બિહાર)

મા મીરાંબિકા

Someone who knows how to smile in all
circumstances is very close to true equality of soul.

- The Mother

હસતા જીવો

ભાવાનુવાદ

સર્વ પરિસ્થિતિમાં હસે, હ્રદય માંહિ વિશ્વાસ ધરી,
કે પ્રભુ જીવન-કેડી ગોઠવે, સ્વ શુભ-સંકલ્પ મનમાં ધરી.
સમતાના માર્ગે એ વધે, ને અંતે પૂર્ણતાને વરે,
નિર્લેપભાવ દૃઢ કરી, જે જીવન-હેતુ તે સર કરે.

- શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૮ ઑગસ્ટ ૧૯૧૪)

આ સ્થૂળ-જગત એટલું બધું તો ડૂબાડી દે તેવું છે..... આ તે શું અમારી નિર્બળતા કે એ તારી ઈચ્છા છે ?

હું તો કેવળ તારી અંદર જ રહેવાને માંગું છું..... હું તારા અર્થે જીવવા લાગું છું, ત્યારે મારી ચેતના બાહ્ય-પ્રદેશો પ્રત્યે વળતી થાય છે અને મને લાગે છે કે હું તારાથી દૂર દૂર જઈ રહી છું.

હું જાણું છું કે આ વસ્તુ જરા પણ બરાબર નથી..... એક બારણું વસાએલું પડ્યું છે. એ તેજોમય બુદ્ધિનું બારણું છે અને હજી લગી કોઈ પ્રયત્ન તેને ખોલી શકેલો નથી અને આ વસ્તુ તારા આવિર્ભાવને ભયંકર રીતે દરિદ્ર કરી મૂકે છે.

..... પૃથ્વી ઉપર રાક્ષસી બળો એક આંધીની માફક તૂટી પડ્યાં છે..... એમની અંદર તારો પ્રકાશ સર્વત્ર ઝળહળી ઊઠવો જોઈએ અને તેમના કાર્યનું તેણે રૂપાંતર કરી દેવું જોઈએ. એ બધાં બધું ખેદાનમેદાન કરીને પસાર થઈ જાય તે પછી તેમણે પોતાની પાછળ એક દિવ્ય-બીજ મૂકી જવું જોઈએ.

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન (પ્રજ્ઞાશક્તિની જરૂર)	૩
શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય	૪
માતૃવાણી (ધમ્મપદનાં પગથિયાં)	૭
સાવિત્રી (શારીરિક-ચેતનાની સમસ્યા)	૧૦
યોગ વિષે પત્રો (પ્રાચીન યોગો અને શ્રી અરવિન્દ)	૧૩
વેદવિજ્ઞાન (પ્રાણ અને અપાનની સમતુલા)	૨૦
શ્રી અરવિન્દ : પોતા વિષે (પૂર્ણયોગમાં રૂપાંતરનો અર્થ)	૨૧
યોગ પર દીપ્તિઓ (યોગશક્તિ)	૨૩
વેદ રહસ્ય (આર્ય (માનવ) ભાષાનાં ઉદ્‌ગમ-સ્થાનો) મંત્ર જાગરણની પ્રક્રિયા : (વેદ અર્થઘટનની આંતરિક પદ્ધતિ)	૨૫
સાંજના વાર્તાલાપો (મૃત્યુ પછીની સ્થિતિ)	૩૦
ઉપનિષદોનું અમૃત (અધ્યાત્મ યજ્ઞ (વૈશ્વાનર અગ્નિ)	૩૧
આત્મસિદ્ધિ (દિવ્યતા માટેનાં ત્રણ જરૂરી તત્ત્વો)	૩૩
સર્વાંગી આરોગ્ય (શરીરની ચેતનામાં ઉઘાડ)	૩૬
વિદ્યાર્થીઓને માર્ગદર્શન (વ્યવહારુ સમસ્યાનો વ્યવહારુ ઉકેલ)	૪૦
સુંદર કથાઓ (માનવરૂપે દેવ)	૪૨
શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો (પ્રભુના સંકલ્પની મહત્તા)	૪૩
પ્રેમ	૪૬
કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર	

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ
અંક : ૨૮૨ વર્ષ : ૨૪
જૂન - ૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા** મો. ૯૮૨૪૩૭૩૯૨૯
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ-૧

સંપાદન સહાયક મંડળ :
હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.
(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી
'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

પ્રજ્ઞાશક્તિની જરૂર

(પૃ.૧૬૩)

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજી જણાવે છે કે આ સ્થૂળ-જીવનની બાબતોમાં રસ લઇએ તો તે તેમની ચેતનાને સતત સ્થૂળ-જીવનની માગણીઓ અને સમસ્યાઓમાં જ રોકી રાખે છે. તે સ્થૂળ-જીવનને આટલું વધારે પડતું મહત્ત્વ ન જ આપવું જોઇએ. માતાજીને શંકા આવે છે કે સ્થૂળ-જીવન જે તેમની ચેતનાનો કબજો લઇ લે છે તે તેમની અંગત દુર્બળતા છે કે પ્રભુ પોતે ઇચ્છે છે કે ભૌતિક-જીવનમાં પણ ધ્યાન આપવું જ જોઇએ !

માતાજીને સ્થૂળ - જીવનની ન્યૂનતમ જરૂરિયાત પૂરી કર્યા પછી આંતરિક-જીવમાં રહીને પ્રભુ સાથે એકરૂપ થઇ રહેવાની જ ઇચ્છા છે. તે પ્રભુની ચેતનામાં જ રહેવા માગે છે, પણ અંદરથી માતાજીને આદેશ મળે છે કે તેમણે તો આંતરિક કે બાહ્ય બધા જ જીવનો પ્રભુના અર્થે, પ્રભુનું કાર્ય સિદ્ધ કરવા જ જીવવું જોઇએ. તેથી માતાજી તે અનુસાર બાહ્ય-જીવનમાં પણ પ્રભુ સાથેનો સંપર્ક રાખીને જીવવાનો પ્રયત્ન કરે છે, પણ તેમાં યશસ્વી થતાં નથી. તેમનો પ્રભુ સાથેનો સંપર્ક તૂટી જાય છે અને પોતે પ્રભુથી આઘે ફંગોળાઇ ગયાં હોય એવું તેમને લાગે છે.

માતાજી અનુભવે છે કે તેમના સ્વરૂપમાં જ વિસંવાદ છે, અક્ષમતા છે; જેને કારણે તેઓ તેમનાં સ્વરૂપમાં જ રહેલ પ્રકાશમય પ્રજ્ઞાશક્તિને સક્રિય કરીને તેને ભૌતિક-જીવનમાં પ્રયોજી શકતાં નથી.

પ્રજ્ઞાશક્તિ માટે માતાજી 'તેજોમયબુદ્ધિ' શબ્દ વાપરે છે. તેમણે તે માટે પોતાની રીતે પ્રયત્નો કરી જોયાં છે, પણ તેઓ પ્રજ્ઞાશક્તિને સક્રિય કરવામાં યશસ્વી થયાં નથી. આને કારણે જ પ્રભુ સાથે સંપર્કમાં રહીને ભૌતિક-જીવન તેઓ જીવી શકતાં નથી અને ભૌતિક - જીવન ખૂબ જ સામાન્ય કક્ષાનું દરિદ્રી બની જાય છે.

જેમ માતાજીના આંતરિક-સ્વરૂપમાં અવ્યવસ્થા છે તેમ જ પૃથ્વી ઉપર પણ પ્રથમ મહાપ્રભુના ઓઠા હેઠળ રાક્ષસીબળો ઊતરી આવેલાં છે, તેઓ નર-સંહાર અને

(અનુ.પૃ.૨૨ ઉપર)

શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય

- જ્યોતિબેન થાનકી

શ્રી માતાજીના આગમનને કારણે સ્થૂલ-ભૂમિકામાં, સાધકોના બાહ્યજીવનમાં, તેમની આંતરિક સાધનામાં, સર્વત્ર આમૂલ પરિવર્તન આવવા લાગ્યું, સહુની સાધનાને વેગ મળ્યો. શ્રી અરવિન્દ અતિમનસ-શક્તિને મન અને પ્રાણની ભૂમિકા ઉપર સ્થાયી કરવાની ભગીરથ સાધના કરી રહ્યા હતા, પણ તેનું નક્કર પરિણામ આવતું ન હતું. આ શક્તિને કેવી રીતે સ્થાયી કરવી તેનો માર્ગ શ્રી અરવિન્દ શોધી રહ્યા હતા. શ્રી માતાજીએ ગુહ્યવિદ્યાના, થેંઓ સાથેના પોતાના અનુભવોની વાત કરતાં કહ્યું કે જડતત્ત્વ પર જો સીધું કામ કરવામાં આવે તો આધાર સ્થિર થાય. જ્યાં સુધી જડતત્ત્વ પર સીધું કાર્ય નહીં થાય ત્યાં સુધી કોઈ રૂપાંતર સ્થાયી બની શકશે નહીં. શ્રી અરવિન્દને માર્ગ મળી ગયો. હવે તેમણે સાધનાનું સ્વરૂપ બદલી નાંખ્યું. મન, પ્રાણદ્વારા જડતત્ત્વ પર કામ કરવું શરૂ કર્યું. ૧૯૨૬ના ૨૪મી નવેમ્બરે મનની સર્વોચ્ચ ભૂમિકાની શક્તિ જેને શ્રી અરવિન્દ અધિમનસ ચેતના કહે છે. તેનું અવતરણ શ્રી અરવિન્દના દેહમાં એટલે કે સ્થૂલ-ભૂમિકા પર થયું અને અતિમનસના દેહભૂમિકા પરના અવતરણની હવે શક્યતા બની આવી. આમ, શ્રી અરવિન્દની મહાન સાધનામાં શ્રી માતાજીની સહાય મળતાં એ સાધના ખૂબ ઝડપથી મહાન સાક્ષાત્કારની દિશામાં આગળ વધવા લાગી. ત્યાર બાદ યોગ બાહ્ય-ચેતનાની ભૂમિકા ઉપર ઊતરી આવ્યો અને અવચેતન અને અચેતનમાં દિવ્ય- શક્તિ લાવવાનું કામ શરૂ થયું.

શ્રી અરવિન્દ આશ્રમની સ્થાપના :

શ્રી અરવિન્દ આશ્રમ એ માતાજીનું સર્જન છે. શ્રી અરવિન્દ પોતાના બે ચાર શિષ્યો સાથે એક મકાનમાં રહીને સાધના કરી રહ્યા હતા, ત્યારે તો તેમને આશ્રમ સ્થાપવાની એવી કોઈ ઇચ્છા નહોતી. પરંતુ શ્રી માતાજી આવ્યાં. શ્રી અરવિન્દના યોગદર્શનમાં ઊંડો રસ ધરાવનાર સાધકો પણ આવવા લાગ્યા. શ્રી માતાજીએ એમની સાધનાની જવાબદારી પોતાના હસ્તક લીધી અને તેમાંથી ધીમે ધીમે આશ્રમનો આવિર્ભાવ થયો. એમાં પણ ૧૯૨૬ની ૨૪મી નવેમ્બરે શ્રી અરવિન્દને

દેહની ભૂમિકા પર અધિમનસ-શક્તિના અવતરણની સિદ્ધિ મળી. અને આગળની સાધના માટે તેમને સંપૂર્ણ એકાંતમાં જવું અનિવાર્ય જણાયું, ત્યારે તેમણે આશ્રમમાં રહેતા બધા સાધકોને જણાવ્યું કે ''આજથી હું મારી સાધના માટે એકાંતવાસમાં જઇ રહ્યો છું. હવે શ્રી માતાજી બધાંની સંભાળ રાખશે. તમારે હવે એમને જ જણાવવાનું. તેઓ જ હવે મારું પ્રતિનિધિત્વ કરશે. તેઓ જ સઘળું કામ કરશે.'' આવી જાહેરાત કરીને તેઓ તો સંપૂર્ણ એકાંતમાં જતા રહ્યા. વરસમાં ચાર દર્શન દિવસ સિવાય તેઓ કોઇને ય મળતા ન હતા. અરે, પોતાના ઉપરના ઓરડામાંથી તેઓ કદી નીચે પણ ઊતર્યા નહોતા ! એ સમયે જે ચોવીસ સાધકો હતા તેઓ સર્વ હવે શ્રી માતાજીના માર્ગદર્શન હેઠળ સાધના કરવા લાગ્યા, પણ શ્રી અરવિન્દ આશ્રમ હજી ત્યારે વ્યવસ્થિત રૂપે અસ્તિત્વમાં આવ્યો ન હતો.

આમ જોઇએ તો શ્રી અરવિન્દ આશ્રમનું ભૂમિપૂજન થયું હોય, વ્યવસ્થિત નકશા પ્રમાણે ધ્યાનખંડ, પ્રાર્થના મંદિર, ભોજનાલય વગેરે બંધાયાં હોય એવું તો ક્યારેય બન્યું નથી. આ આશ્રમ અન્ય આશ્રમો કરતાં તદ્દન જુદા જ પ્રકારનો છે. શ્રી અરવિન્દના યોગને સામૂહિક-જીવનમાં કાર્યાન્વિત કરવા, યોગને દૈનંદિન જીવનમાં ચરિતાર્થ કરવા માટે ઊભી કરેલી દિવ્ય પ્રયોગશાળા એટલે શ્રી અરવિન્દ આશ્રમ. અહીં તો માનવની ચેતનાને પ્રભુની ચેતના પ્રત્યે ઉદ્‌ઘાટિત કરીને અને પ્રભુની ચેતનાને માનવ-જીવનમાં ઉતારીને સક્રિય કરી ઉચ્ચતમ શિખરે વિરાજતાં પરમ પ્રભુ અને નીચામાં નીચે ખીણમાં આવેલા જડતત્ત્વને એક કરવાનો મહાન પ્રયોગ ચાલી રહ્યો છે. આ આશ્રમ એ માનવમન દ્વારા ઊભી કરેલી વ્યવસ્થિત રચના નથી, પણ પૂર્ણયોગને જીવનમાં ચરિતાર્થ કરવા સ્વંયભૂ પ્રગટેલી પ્રક્રિયા છે. આથી જ સમગ્ર પોંડિચેરી શહેરના વિવિધ સ્થળે મકાનોમાં વિસ્તાર પામેલી દિવ્ય-ચેતનાના આવિર્ભાવરૂપ આ આશ્રમ અસ્તિત્વમાં આવેલો છે.

શરૂઆતમાં શ્રી અરવિન્દ જ્યાં રહેતા હતા તે લાઈબ્રેરી હાઉસ અને બીજાં બે ત્રણ મકાનો પૂરતો જ આ આશ્રમ સીમિત હતો. પણ શ્રી અરવિન્દની સાધનાથી આકર્ષાઈને ઉચ્ચ અભીપ્સાવાળા અનેક સાધકો ત્યાં આવવા લાગ્યા. પરિણામે જેમ જેમ જરૂરિયાતો ઊભી થતી ગઇ તેમ તેમ પ્રવૃત્તિઓ સર્જાતી ગઈ, વિકસતી ગઈ, વિસ્તરતી ગઈ. શ્રી માતાજીનાં દિવ્ય-સાંનિધ્યમાં અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસતી ગઈ. સુંદર ભોજનાલય, બેકરી, લોન્ડ્રી, હેન્ડીક્રાફટસ્, ઉદ્યોગો, વર્કશોપ,

બાંધકામ વિભાગ, ઈલેકટ્રીક વિભાગ, દુકાનો, પુસ્તકાલયો, રમતગમતનાં મેદાનો, પ્રેસ, બાલમંદિર, શાળા, મહાશાળા, પ્રયોગશાળા, ચિત્રશાળા, કલાભવન, સંગીતકક્ષા, અતિથિગૃહો, દવાખાનાં, બાગબગીચા, તળાવ, ખેતરો-માનવજીવનને સ્પર્શતી તમામ પ્રવૃત્તિઓ સ્વયંભૂ વિકાસ પામી. અગાઉથી આયોજન કરીને એનું વ્યવસ્થિત મકાન બાંધીને કોઈ વિભાગનું ઉદ્‌ઘાટન કર્યું હોય તેવું તો ક્યારેય બન્યું નથી. પણ શ્રી માતાજીએ દિવ્ય-જીવનમાં સઘળી પ્રવૃત્તિઓ કેવી સુંદર, સુમેળ અને સંવાદિતાથી સભર, અને પૂર્ણતાના આવિર્ભાવવાળી હોય છે; તેનું ઉત્તમ દૃષ્ટાંત શ્રી અરવિન્દ આશ્રમની પ્રવૃત્તિઓ દ્વારા જગતને પૂરું પાડ્યું છે.

''કાર્ય કરવું એટલે શરીરથી પ્રભુને પ્રાર્થના કરવી.'' ''નાનામાં નાનું કાર્ય પણ જો સાચી ચેતનાથી કરવામાં આવે તો તે પૂર્ણતા પ્રત્યે લઇ જાય છે.'' ''ધ્યાનમાં તમે જેટલી પ્રગતિ કરો તેના કરતાં દશગણી વધારે પ્રગતિ તમે સાચી ચેતનાથી કામ કરવામાં કરો છો.'' ''સ્થૂલમાં પ્રભુ સૌંદર્ય દ્વારા પ્રગટ થાય છે.'' કાર્ય કરવા અંગેની આ સાચી પદ્ધતિ શ્રી માતાજીએ સાધકોને બતાવી અને સમર્પિત ભાવથી થતાં કામ કેવાં હોય છે, તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત પોતે જાતે કાર્યો કરીને સાધકોને બતાવ્યું. એટલું જ નહીં પણ ચંપકલાલ, નલિનીકાન્ત, પવિત્રા, દ્યુમાન, પુરાણી, પૂજાલાલ વગેરે અનેક સાધકોને કાર્યમાં પૂર્ણતા કેવી રીતે લાવવી, કઇ ચેતનાથી કામ કરવું એ તેમને પોતાની સાથે રાખીને શીખવાડ્યું. આથી આશ્રમની સઘળી પ્રવૃત્તિઓ ખૂબ વ્યવસ્થિત રીતે, સમર્પિત ભાવે, શ્રી માતાજીને અર્પણરૂપે થવા લાગી. જાણે આશ્રમ એ પરમાત્માની પરમ ચેતના પ્રત્યે શ્રી માતાજીના સમગ્ર પૃથ્વીના દિવ્ય-રૂપાંતર માટેના કાર્યનું પ્રતીકાત્મક ઉદ્‌ઘાટન ન હોય !

આશ્રમ એ શ્રી માતાજીનું સ્વયંભૂ સર્જન હોઈને ત્યાં માનવમનના કોઈ નિશ્ચિત નિયમો નથી. રૂઢિઓ, માન્યતાઓ, પરંપરાગત ખ્યાલો વગેરેને ત્યાં સ્થાન જ નથી. નિયમ એક જ, ચેતનાનો સતત વિકાસ અને આંતરસત્યની અભિવ્યક્તિ માટે સઘળાં કાર્યો કરે છે. એ દરેક કાર્ય શ્રી માતાજીની ભક્તિ અને આરાધનારૂપ બની રહે છે, તેમની સાધનાના ભાગરૂપ બની રહે છે.

આશ્રમમાં વસતા પ્રત્યેક સાધકના આંતરિક અને બાહ્ય-વિકાસ ઉપર સઘળી દેખરેખ શ્રી માતાજી રાખતાં હતાં. દરેક ભૌતિક જરૂરિયાતો સંતોષાય તેવી વ્યવસ્થા

(અનુ.પૃ.૧૨ ઉપર)

માતૃવાણી

- શ્રી માતાજી

અવતરણો
ધમ્મપદનાં પગથિયાં

(માતૃવાણી - -૨ પૃ.૨૦૦-૨૦૮) (એક મહિલામંડળમાં વાતચીત)

પ્રકરણ - ૧૬

સમજૂતી - માનસિંહ ચાવડા

જીવનના વિકાસ માટે વિચાર કરવાની જરૂર છે. વિચાર બે પ્રકારે આવે છે - ઈન્દ્રિયોનાં સંવેદનોના કારણે અને પોતાના ચિંતનમાંથી નિર્માણ થતાં આંદોલનોને કારણે. દા.ત. ગુલાબ પ્રત્યક્ષ જોઈને, ગુલાબ બાબતનાં અનુભવો યાદ કરવાથી તેનાં આંદોલનો નિર્માણ થઈ આપણા મન ઉપર પરિણામ કરે છે. મન તેમાંથી માનસ-પ્રતિમા સ્વરૂપ રચે છે. ચિત્ત તે વસ્તુના પાછલા સંસ્કારો જગાડે છે. બુદ્ધિ તેને ઓળખે છે. અહંકાર તે જ્ઞાનનો ઉપયોગ કરે છે. આ પ્રથમ પ્રકાર છે. પ્રભુ વિષેનું ચિંતન બીજો પ્રકાર છે.

બીજા પ્રકારને વ્યવસ્થિત કરવા મગજમાં ચાલતી અસ્તવ્યસ્ત તર્કહીન માનસિક પ્રવૃત્તિઓ બંધ કરવી પડશે. આ માટે ધ્યાનની વિવિધ પદ્ધતિઓ છે. પ્રથમ, આત્મનિરીક્ષણ કરવાનું ધ્યાન, બીજું, નીરવ અને એકાંત-અવસ્થામાં પ્રવેશી જવું. આંતરિક ગતિઓનું લાલનપાલન ન કરવું, તેથી ટાઢે પેટે આત્મપૃથઃકરણ કરવામાં યશ મળશે.

આપણે આપણી બાહ્ય ખોટી જાત બાબત લાલનપાલનનો શોખ ધરાવીએ છીએ પણ સાચી જાતને ઓળખતાં પણ નથી. આપણી સાચી જાત શાશ્વત દિવ્ય-સ્વરૂપની છે. તેને કાર્ય કરવા છૂટો દોર આપી શકીએ તો સર્વાંગ-સંપૂર્ણ અને આમૂલાગ્ર રૂપાંતર થવાની શક્યતા ઊભી થાય છે. તમે બાહ્યસ્વરૂપની ગતિવિધિઓને પારકી વસ્તુ તરીકે અનુભવતા થાઓ છો, તે બધાં સામાજિક રીત-રિવાજો, નૈતિક નિયમો, ધાર્મિક કેળવણી વગેરેના પરિણામ માત્ર અનુભવાય છે.

તમારા પોતાના વિચારો જે તર્કપૂર્ણ સામંજસ્યથી તમે રચો છો તે ગહન ચિંતન, ધ્યાનના કારણે રચાય છે.

આમ, આપણી બાબતની બે શોધો થઈ :

૧) આમ, આપણી સાચી જાતને આપણે ઓળખતા નથી.

૨) આપણા પોતાના ચિંતનના પરિણામસ્વરૂપ વિચારો બહુ ઓછા હોય છે.

આપણે જે મનોમય સંપૂર્ણ-વ્યક્તિત્વ રચવા માગીએ છીએ તે માટેનું સૂત્ર છે :

''શોધો..... ચિંતન કરો.... અપનાવો.....''

હવે ત્રીજું પગલું ચિંતનથી જે પ્રાપ્ત થાય છે તેમાં અને પહેલેથી કરેલા જ્ઞાનાર્જન વચ્ચે સુસંવાદ રચો, પરસ્પરવિરોધી વિચારોને સ્થાન ન આપો. આને કહેવાય આપણામાં અચલ, આધ્યાત્મિકતા રચવી. તેના પરિણામરૂપે પૂર્વગ્રહો વિનાનું તટસ્થ અવલોકન રચાશે. સજાગતા, સભાનતા રચાશે. એક આંતરિક-પ્રકાશના દર્શન થશે.

જીવન સતત ઉત્ક્રાંત થતી ઘટના છે. ધ્યાનની આ પ્રક્રિયાનું વર્ણન એક પ્રાચીન ભારતના પુસ્તકમાં નીચે મુજબનું છે : ''ઊભા રહો લાલચુવેડા વિચારો, અશુભ સંકલ્પો, ધિક્કારના વિચારો સાથે જરાપણ આગળ વધશો નહિ, કારણ મહાન ઐશ્વર્યવાળો પ્રભુ આ આત્મનિગ્રહના ઓરડામાં પ્રવેશી રહ્યો છે અને શુદ્ધ હૃદયરૂપી સુવર્ણ - સિંહાસને બેસી રહ્યો છે. તેણે સદાચારવિરોધી વિચારોને હાંકી કાઢ્યા છે અને એકાંતવાસનો સહજભાવ માણવાની શરૂઆત કરી છે. આ પ્રથમ 'ધમ્મપદ' પ્રાપ્તિની અવસ્થા છે.''

પછી તેણે નિર્મળ, પ્રશાંત શાંતિપૂર્ણ આત્માના સહજ ઊર્ધ્વગમનને પ્રાપ્ત કર્યું. આ બીજા 'ધમ્મપદ'ની અવસ્થા છે.

પછી તેણે બાહ્ય-આનંદોનો અને માનસિક આંતરિક-આનંદોનો પણ ત્યાગ કર્યો અને 'સ્વરાટ' બની ગયો. આ ત્રીજા 'ધમ્મપદ'ની પ્રાપ્તિ છે.

પછી તેણે આનંદ સાથે દુઃખ અને પીડાનો પણ ત્યાગ કર્યો. તે સમતાપૂર્ણ સહજાવસ્થાનો સ્વામી બની ગયો. આ ચતુર્થ 'ધમ્મપદ'ની અવસ્થા છે.

અંતે, તે રાજા મહાન આત્મનિગ્રહરૂપી અંતઃપુરમાંથી બહાર નીકળ્યો અને

સુવર્ણમય અંત:પુરમાં પ્રવેશી રજતના આસને બેઠો. ત્યાં બેસીને તેણે સમસ્ત જગત ઉપર પ્રેમદૃષ્ટિ ફેરવી અને તેનો પ્રેમ ચારે દિશાઓમાં ફેલાવા લાગ્યો. તેણે કરુણાદૃષ્ટિથી વિશ્વને નિહાળ્યું. તેની કરુણા સમગ્ર વિશ્વમાં ફેલાઇ વળી. તેણે સમભાવની નજરથી વિશ્વને નિહાળ્યું, સમગ્ર વિશ્વ સમભાવથી છલકાઇ ગયું.

તેણે પ્રશાંતિથી વિશ્વને નિહાળ્યું. પ્રશાંતિ જગતના ખૂણે ને ખાંચરે ફરી વળી. જગતમાં નિર્મળતા સ્થિર થઈ.

આમ, પોતે માનેલા અંતિમ-સત્યોનો ભોગ આપતા-આપતા અંતે, તે પ્રજ્ઞાના પ્રકાશને પામ્યો.

ધ્યાનથી આવી વ્યક્તિ શુદ્ધબુદ્ધિના (પ્રજ્ઞા) વૈશ્વિક-પ્રવાહના સંપર્કમાં આવે છે તેથી કોઇ જ્ઞાન તેનાથી છૂપું રહેતું નથી. નિર્મળ શાંતિ અને આનંદમય પ્રશાંતિ તેના સ્વરૂપના ભાગ બની જાય છે. વિરોધાભાસો વચ્ચેનું સત્ય પણ તે તારવી લે છે. તે જાણે છે કે સત્ય પ્રત્યે પ્રયાણ કરતા જીવનની ક્ષતિઓનો ભેટો થાય જ છે..... સંતાપથી વિક્ષુબ્ધ જગતમાં કરુણાસભર હૃદયે વિહરો. અજ્ઞાનના અંધકારમાં પ્રજ્ઞાનો પ્રકાશ લાવો. લોકોને સાચું જીવન જીવતા શીખવો.''

(પૃ.૩૦ ઉપરથી)

સાંજના વાર્તાલાપો

સળંગ જોઇ શકીએ છીએ તેવી જ આ ઘટના બને છે. ચેતનાની અવસ્થાઓને જ 'ભૂમિકા' અથવા 'લોક' કહે છે. ચેતનાની અવસ્થામાં ફેરફાર એટલે જ એક લોકમાંથી બીજા લોકમાં જવાની ઘટના બની જાય છે. આપણે ભૌતિક જીવનમાં પણ આવી રીતે લોક બદલતા હોઇએ છીએ. પણ તેને વિચાર, કલ્પના કે ભાવનામાં ગરકાવ થવાની ઘટના સમજી બેસીએ છીએ.

શિષ્ય : છાંદોગ્યોપનિષદમાં જણાવેલ છે કે મૃત - આત્મા વૃષ્ટિરૂપે નીચે આવે છે. પાણી વનસ્પતિમાં પ્રવેશે છે તેની સાથે તે પણ પ્રવેશે છે. ત્યાંથી અન્નસ્વરૂપે પશુ કે માનવનું વીર્ય કે રજ બને છે. તેમાંથી ગર્ભ અને અંતે જન્મ. આ એક આલંકારિક કથન લાગે છે.

શ્રી અરવિન્દ : સાચું. વૃષ્ટિ દ્વારા કાંઇ જીવો ટપકતાં નથી (હસાહસ) પણ ચૈત્યપુરુષ આ સૃષ્ટિચક્રમાં ફરી અવતરણ પામી પોતાની ગતિ ધારણ કરે છે તેનું તે વર્ણન છે.

સાવિત્રી

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

શારીરિક ચેતનાની સમસ્યા

પ્રકરણ - ૯

(Savitri B-1, C-4, P. 50-51)

Alarmed by the sorrow dragging at her feet
And conscious of the high things not yet won,
Ever she nurses in her sleepless breast
An inward urge that takes from her rest and peace.

શારીરિક - ચેતના હવે વારંવાર પોતાના વિકાસમાં અવરોધરૂપ બનતાં દુઃખો અને યાતનાઓ બાબત વધારે સભાન બને છે. તેમનું નિવારણ થવું જ જોઈએ એ તેના મનમાં ઠસી જાય છે. સાથે સાથે ઊર્ધ્વમાં વિલસતા આત્મતત્ત્વની આછી ઝાંખી તેને થતી હોય છે. તે વસ્તુ પ્રાપ્ત થઈ નથી તે બાબત સભાન બને છે પણ તેવી વસ્તુ જગતમાં છે તેની તો તેને ખાતરી થએલી હોય છે. તેના હૃદયમાં આંતિરક રીતે અભીપ્સાની જ્વાલા ભડકે બળવા માંડે છે (inward urge) તે સતત તે જ્વાલાને પોષતી જ જાય છે. સતત તેમાં જ એકાગ્ર બની જાય છે. વિસ્મરણ થવા દેતી નથી. હૃદયમાં સંઘરી રાખે છે (Sleepless breast) તેને કારણે તેનાં આરામ અને શાંતિ ડહોળાવા માંડે છે (rest and peace)

Ignorant and weary and invincible
She seeks through the soul's war and quivering pain
The pure perfection her marred nature needs,
A breath of Godhead on her stone and mire.
A faith she craves that can survive defeat,
The sureness of a love that knows not death,

The radiance of a truth for ever sure.

શારીરિક-ચેતના અજ્ઞાની છે. ઘરેડમાં જીવવાની જ તેને ટેવ છે (Ignorant) તે દુઃખ અને યાતનાઓથી હવે થાકી ગઈ હોય છે (weary) છતાં તેની અંદર બળતી પેલી અભીપ્સાની જ્વાળા તેને શાંતિથી બેસવા દેતી નથી. તેને શાંત કરવી હવે તેને અશક્ય લાગે છે (invinsible) તેથી થાક્યાપાક્યા પણ જેમ સૂઝે તેમ, તેનો આત્મા, પાર્થિવપુરુષ યુદ્ધ ખેલતો જ જાય છે (soul's war) અને તે યુદ્ધમાં તેને બદલમાં મળે છે હચમચાવી દેતાં દુઃખો અને યાતનાઓ (quivering pain) શારીરિક-ચેતના પોતાની ઊણપો જાણે છે પણ તેના ઉપર વિજય મેળવી શકતી નથી. આ ઊણપોને લીધે તેને જે અભીપ્સા હોય છે તે અધૂરી જ રહી જાય છે. તેના પ્રયત્નોમાં ભેળસેળ થઈ બાજી બગડી જાય છે (marred nature) ઘણી વખત નાના નાના વિજયો તેને રાહત આપે છે. તેને એમ લાગે છે જાણે પ્રભુ તેના ઘા ઉપર ફૂંક મારીને તેને રાહત આપી રહ્યાં છે (A breath of Godhead) તેથી તેની ક્યાંક પથ્થર જેવી જક્કી પ્રકૃતિ (stone) અને ક્યાંક કાદવનાં કલણ જેવાં દુઃખોમાં તેને રાહત મળે છે. પ્રકૃતિનાં જક્કીપણા સામે માથું પછાડીને તે લોહી-લુહાણ થઈ જાય છે, પણ પ્રકૃતિ ટસ કે મસ થતી નથી. પ્રકૃતિનાં કાદવના કલણ જેવામાં તેના પ્રયનોને લીધે તે વધારે ને વધારે તેમાં જ ઊંડી ખૂપતી જાય છે એવું લાગે છે. પ્રભુની મહેર આવી નિરાશાજનક પરિસ્થિતિમાં પણ તેને થોડોક વિસામો અને આશાનું કિરણ બતાડી જાય છે. શારીરિક-ચેતનાને તેથી પ્રભુની સહાયમાં શ્રદ્ધા અને વિશ્વાસ બેસે છે. આ વારંવાર થતા પરાજયોને પચાવીને સમતા જાળવવામાં તે શ્રદ્ધા અને વિશ્વાસ મદદરૂપ બની જાય છે. આવી શ્રદ્ધા સતત ટકી રહે એવી જ શારીરિક-ચેતનાની ઈચ્છા હોય છે. પ્રભુ પોતાનું સંરક્ષણ કરી રહ્યાં છે એ ખાતરી તેને હૈયાધારણ આપે છે કે પ્રભુ તેને પ્રેમ કરે છે, તેનો યોગક્ષેમ વહેવાના પોતાનો સંકલ્પને તેઓ જાણે અનુમોદન આપતા લાગે છે. આ પ્રભુપ્રેમની નિશ્ચિંતતા શારીરિક-ચેતનાને મૃત્યુમુખે પડીને પણ પોતાનો સંકલ્પ આગળ ધપાવવા પ્રેરે છે. તે હવે મૃત્યુને પણ ગણકારતી નથી (knows not death) તેને પેલી અભીપ્સાના સત્યનો સનાતન પ્રકાશ દેખાય છે (radiance of a truth) અને તે સાચી જ છે, તેની પૂરેપૂરી ખાતરી (ever sure) થઈ જાય છે.

A light grows in her, she assumes a voice,
Her state she learns to read and the act she has done.

But the one needed truth eludes her grasp.
Herself and all of which she is the sign.

હવે શારીરિક-ચેતનામાં દિવ્ય-પ્રકાશને ધારણ કરવાની ક્ષમતા વિકસિત થવા માંડે છે. તે ધીમે ધીમે સ્વયં-પ્રકાશિત થવા માંડે છે, તેથી પોતાની દરેક ક્રિયા બાબત વધારે ને વધારે સભાન બનતી જાય છે. તેથી તેની અંદર આત્મ-નિવેદનની ક્ષમતા પ્રગટ થાય છે (she assumes a voice) તેમાં વારંવાર આંતરિક પ્રાર્થનાઓ દ્વારા પ્રભુને વધારે ને વધારે સમર્પિત થવા લાગે છે. તેને તેથી આત્મ-નિરીક્ષણની ક્ષમતા પ્રાપ્ત થાય છે. પોતાની આંતરિક-સ્થિતિ અને ક્રિયાકલાપ વિષે તેને સાચી સમજણ આવવા લાગે છે (she learns to read) પોતાનાં કર્મોને પણ સાચી રીતે મૂલવતી થાય છે. આવી નાની મોટી ક્ષમતાઓ વિકસવા છતાં જે સત્યને તે ઝંખી રહી છે, જે મેળવવા તલપાપડ થઈ રહી છે, તે સત્ય તો તેની પકડમાં આવતું જ નથી. બરાબર મળવાના ટાણે જ છટકી જતું લાગે છે. (eludes her grasp) તે સત્ય જ તેને સમજાવી શકે એમ છે કે તેના અસ્તિત્ત્વનું કારણ શું છે ? તેનો આ પ્રકારે જ કેમ વિકાસ થઈ રહ્યો છે ? તેની અંતિમ ગતિ શું છે ? તે કોની પ્રતિનિધિ છે ? તે સત્ય દ્વારા જ તે પોતાને વધારે સારી રીતે સમજી શકે તેમ છે. તેના બધા પ્રશ્નોના જવાબ પેલા સત્યમાં જ સંગ્રહાએલાં છે.

(અનુ.પૃ.૬ ઉપરથી)

શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય

તો તેમણે ગોઠવેલી જ હતી. તેમની આંતરિક જરૂરિયાતોનું ધ્યાન રાખી એમની સાધનાને પણ વેગ આપતાં તેઓ રાત્રે સૂક્ષ્મસ્વરૂપે સાધકોની મુલાકાત લઈને તેમને ખબર ન પડે તે રીતે મુશ્કેલીઓ દૂર કરી તેમને સાધનામાં સહાય કરતાં. તેમની બાહ્ય-સમસ્યાઓનું પણ નિરાકરણ કરતાં. અખૂટ ધીરજ અને અપાર ખંતથી તેઓ પોતાની સમીપ રહેલા સર્વ સાધકોની નિમ્નપ્રકૃતિ પર કામ કરીને તેઓને દિવ્ય ચેતનાના ઢાળમાં ઢાળ્યે જતાં હતાં. શ્રી અરવિન્દ એકાંતમાં રહીને અતિમનસ ચેતનાના અવતરણ માટેનો સૂર્યપ્રકાશિત માર્ગ તૈયાર કરી રહ્યા હતા, ત્યારે શ્રી માતાજી એ માર્ગ પર ચાલવા માટે નમૂનારૂપ માનવ-પ્રતિનિધિઓને શ્રી અરવિન્દ આશ્રમમાં ઘડવાની મહા કઠોર સાધના કરી રહ્યાં હતાં, જેથી પછી ભવિષ્યમાં સમગ્ર માનવજાતિ દિવ્ય સ્વરૂપે અસ્તિત્વમાં આવે.

યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

પૂર્ણયોગ અને બીજા માર્ગો

(ભા.-૧, પૃ.૧૦૮-૧૩૯)

પ્રાચીન યોગો અને શ્રી અરવિન્દ

અવતરણો

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ રૂપાંતર એટલે સંતપણું અથવા નૈતિકપૂર્ણતા અથવા યોગીની સિદ્ધિ અથવા ચિન્મય શરીર નથી. પૃ.૧૦૮

૨ તેમાં.... માનવી-આધ્યાત્મિક વિકાસમાં એક સમર્થ અને મક્કમ પગલું આગળ ભરવું (હોય છે). પૃ.૧૦૮

૩ સાક્ષાત્કાર પોતે આપણા સ્વરૂપનું સમગ્ર રૂપાંતર કરતું નથી. પૃ.૧૦૮

૪ આધ્યાત્મીકરણ અને ઊર્ધ્વતર-ચેતનાનું અવતરણ પણ પૂરતું નથી. તે વચ્ચેનો ગાળો છે. પૃ.૧૦૯

૫ મારા યોગની નવીનતા તેના લક્ષ્યમાં, સ્થાનમાં તેની પદ્ધતિની સમગ્રતામાં છે. પૃ.૧૦૯

૬ કેટલાક દેખાતા એકસરણી રીતના આદર્શો..... છે. પૃ.૧૧૦

૭ અતિમનસથી નીચે રહેલાં બધાં સત્યો..... આંશિક અથવા સાપેક્ષ અથવા ક્ષતિવાળા અને પાર્થિવ-જીવનનું રૂપાંતર કરવા માટે ક્ષમતાવિહીન છે. પૃ.૧૧૨

૮ પ્રાચીન યોગો સીધેસીધા મનમાંથી નિરપેક્ષ બ્રહ્મમાં પહોંચે છે અને બધા જ સક્રિય અસ્તિત્વોને અજ્ઞાન, માયા, લીલા ગણે છે. પૃ.૧૧૪

૯ આધ્યાત્મીકરણ એટલે ઊર્ધ્વતર શાંતિ, બળ, પ્રકાશ, જ્ઞાન, વિશુદ્ધિ, આનંદનું અવતરણ.... જે સ્વલક્ષી રૂપાંતર લાવી શકે. પૃ.૧૧૭

૧૦ કરણ તરીકેનું પૂર્ણ પરલક્ષી રૂપાંતર ત્યારે જ આવે જ્યારે અતિમનસ રૂપાંતર બની આવે. પૃ.૧૧૭

૧૧ અતિમનસ પ્રભુની શક્તિનું ફક્ત એક પાસું છે. પૃ.૧૧૮

૧૨ આ યોગમાં ચેતના બ્રહ્મરંધ્રથી ઉપરના એવા સ્તરમાં જાય છે..... ત્યાંથી શક્તિને ગ્રહણ કરે છે અને ત્યાંથી નિમ્નચેતનાને પૂરેપૂરી રૂપાંતરિત કરે છે. પૃ.૧૨૦

૧૩ આ યોગનો હેતુ અવતાર માટેનો નથી. પૃ.૧૨૩

૧૪ આ યોગમાં વ્યક્તિને ચૈત્યપુરુષની અનુભૂતિ એક પરમાત્માના અંશ તરીકે થાય છે. પૃ.૧૨૫

૧૫ ઘણા માણસોમાં ચૈત્યપુરુષ હવાલો લે તે પહેલાં અપૂર્ણ એવું આધ્યાત્મિક અવતરણ થાય છે. પૃ.૧૨૬

૧૬ રૂપાંતર એટલે આત્માની અસરથી પ્રકૃતિની વિશુદ્ધિ એવો અર્થ નથી.... આધ્યાત્મિક-રૂપાંતરમાં છેક અવચેતન સુધી આધ્યાત્મિક-ચેતનાને ધારણ કરવાની છે. પૃ.૧૨૭

૧૭ અહીં રહેલી બધી જ વસ્તુઓ શુભ અને અશુભનું મિશ્રણ છે. પૃ.૧૩૦

૧૮ વેદાંતી એક બીજી જ ચેતનામાં વિકાસ પામવા પ્રયત્ન કરે છે. બાહ્ય-જગતની પાછળ તે રહેલી છે. પૃ.૧૩૩

૧૯ મારો યોગ અન્ય જગતોની પૂર્ણ અનુભૂતિનો ખરેખર સમાવેશ કરી શકે છે. પૃ.૧૩૪

૨૦ દિવ્યીકરણ એટલે હકીકતમાં જીવનની મહાન કલા. પૃ.૧૩૮

રૂપાંતર એ અલગ વસ્તુ છે. સંતપણું મેળવવું, નૈતિકપૂર્ણતા આ સાત્ત્વિક પ્રકૃતિનાં પરિણામો છે. અષ્ટસિદ્ધિ મેળવવી એ સૂક્ષ્મ-શરીરની ક્ષમતાઓમાં વધારો છે. ચિન્મય શરીરનો ભાવ એ આંતરિક-અનુભૂતિ છે, રૂપાંતર નથી. ફક્ત સાત્ત્વિક પ્રકૃતિ કે નથી ફક્ત આંતરિક-અનુભૂતિ. તેમાં તો સત્ત્વગુણની પણ પેલેપાર જવાનું છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણે શરીરનો વિકાસ પણ સાધવાનો છે અને આંતર-બાહ્ય બન્ને પ્રકારની અનુભૂતિઓ પણ મેળવવાની છે. તે આધ્યાત્મિક-વિકાસમાંનું એક મહત્ત્વનું આગળ ભરેલું પગલું છે.

લોકો સાક્ષાત્કારમાં અનુભવતા પ્રકાશને જ અતિમનસ પ્રકાશ અથવા દિવ્યપ્રકાશ સમજે છે. સાક્ષાત્કારો તો સાધનાના દરેક તબક્કે આવતા જ હોય છે અને દરેક સાક્ષાત્કાર એક નવા પ્રકાશનું અવતરણ કરાવે છે. પણ બધા જ પ્રકાશ કાંઈ અતિમનસ પ્રકાશ કે મૂળ-દિવ્ય પ્રકાશ હોતો નથી.

તેથી ફક્ત સાક્ષાત્કારથી રૂપાંતર થવાની અપેક્ષા રાખવી એ એક ભ્રમ માત્ર છે.

મૂળ દિવ્ય-પ્રકાશ સમગ્ર-સ્વરૂપમાં ઠેઠ શારીરિકનાં અવચેતનમાં પણ અવતરણ પામે ત્યારે જ રૂપાંતરની શક્યતા રચાય છે. તેના પરિણામરૂપે વૈશ્વિક-ચેતનાનાં શાંતિ, શક્તિ, જ્ઞાન, પ્રેમ, આનંદ વગેરે પણ આપણા સ્વરૂપમાં અવતરણ પામવા માંડે છે.

આ શક્તિઓના અવતરણથી આપણી ચેતના વિશાળતા ધારણ કરવા માંડે છે અને વૈશ્વિક - ચેતના સાથે એકરૂપ થાય છે. આને જ આધ્યાત્મિકરણ કહે છે. આ પ્રકારનું અધ્યાત્મિકરણ અને શાંતિ વગેરે શક્તિઓનું અવતરણ થવાથી પણ રૂપાંતરની પ્રક્રિયા પૂર્ણ થતી નથી. વધુમાં વધુ તે આધ્યાત્મિક - રૂપાંતરની પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે પણ અતિમનસ - રૂપાંતર તો બાકી જ રહે છે. અને તે અતિમનસ શક્તિ સિવાય શક્ય નથી.

આપણા પૂર્ણયોગમાં પ્રાચીન યોગોની ઘણી પ્રક્રિયાઓ વિવિધ તબક્કે માન્ય રાખેલી છે, તેથી જ યોગના પાયા, યોગ પર દીપ્તિઓ જેવાં પુસ્તકોમાં પ્રાચીન યોગ - પદ્ધતિઓનું વર્ણન જોવા મળે છે.

આપણે તે પ્રાચીન-પદ્ધતિઓ વાપરીએ છીએ પણ તેની પાછળની માનસ-શાસ્ત્રીય ભૂમિકા અને કાર્ય પ્રાચીન હેતુઓ કરતા તદ્દન અલગ છે.

પ્રાચીન-પ્રદ્ધતિઓ અપનાવવાથી થોડીઘણી સામ્યતા પૂર્ણયોગ અને પ્રાચીન-યોગોમાં આવવાની શક્યતા છે. પૂર્ણ શરીરની સિદ્ધિ માટે તંત્ર યાને હઠયોગ પ્રયત્ન કરે છે પણ તેમનો પૂર્ણ શરીરનો આદર્શ જુદો છે અને તેવું શરીર મેળવવાનો હેતુ પણ જુદો છે.

પ્રાચીન-યોગો અને પૂર્ણયોગમાં નીચેનાં તફાવતો છે :

(૧) તેઓ ભૌતિક-જગત છોડી અન્ય સૂક્ષ્મ પાર-ભૌતિક જગતમાં નિવાસ કરવા માગે છે અથવા નિર્વાણમાં પ્રવેશવા માગે છે. આ ભૌતિક-જીવનમાંથી છુટકારો માંગે છે. જ્યારે આપણે આ ભૌતિક-જીવનને જ દિવ્ય બનાવવા માગીએ છીએ. જીવનનો ત્યાગ એ આપણી ભૂમિકા નથી. નવી ચેતનાને આપણે ભૌતિક-જીવનમાં ઉતારવા માગીએ છીએ.

(૨) પ્રાચીન યોગની સાધના તેમના પોતાના વ્યક્તિગત-મુક્તિ માટે હતી, જ્યારે આપણી સાધના વ્યક્તિગત-મુક્તિ કરતાં વૈશ્વિક-ઉત્ક્રાંતિને આગળ ધપાવવા માટે છે. પ્રભુના કાર્યમાં સહયોગ આપવા માટે છે, મુક્તિ એ તો અવાંતર પરિણામ ગણીએ છીએ.

(૩) પૂર્ણયોગની સાધના-પદ્ધતિમાં પ્રાચીન યોગોની પદ્ધતિઓ યોગ્ય હોય

ત્યાં સમાવી લીધી હોવા છતાં પ્રાચીન-યોગસાધનાની ત્રુટીઓથી બચવા તેમાં ઘણાં સુધારાવધારા કરવામાં આવ્યા છે. તદ્‌ઉપરાંત પૂર્ણયોગની અંતિમ સાધનાની કેડી તો જંગલમાં નવી કેડી કરવા જેવો જ પ્રકાર બની ગયો છે. દા.ત. કોષોની સાધના.

(૪) પ્રાચીન યોગીઓને અતિમનસનો ખ્યાલ હતો તેવા ઉલ્લેખો ઉપનિષદોમાં છે. પરંતુ તેને નીચે અવતરણ કરાવીને જીવનની ત્રુટીઓને નિવારવાની વાત નથી. અસીમ-પ્રકાશમાં ચેતનાનો વિકાસ કરવાથી જ ત્યાં પહોંચી શકાય છે. વૈદિક ઋષિઓએ વ્યક્તિગત રીતે અતિમનસમાં પહોંચવાનો પ્રયત્ન કરેલો દેખાય છે પણ તે શક્તિને પૃથ્વી ઉપરની ચેતનાની ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં પ્રયોજવાની કલ્પના તેમણે કરેલી નહોતી.

(૫) આપણા યોગમાં ચેતનાનું આરોહણ અને શક્તિઓનું અવતરણ આમ દ્વિવિધ ગતિઓ અનુભવાય છે. પ્રાચીન-યોગોમાં ફક્ત ચેતનાના આરોહણનો જ ખ્યાલ હતો એમ લાગે છે. ઘણી વખત શક્તિઓનું અવતરણ અજાણતા જ થાય છે, તેથી આવી ઘટના બની હોવાની શક્યતા છે.

(૬) ઉપનિષદો જણાવે છે કે જે લોકો સૂર્યનાં કિરણો સુધી પહોંચે છે તેઓ જન્મમૃત્યુના ફેરામાંથી મુક્ત થતા નથી પણ જેઓ સૂર્યમાં પ્રવેશી તેને પાર જાય છે તેઓ પાછા ફરતા નથી. સૂર્ય એ અતિમનસ જ્ઞાનનું પ્રતીક છે. શાંતિ, જ્ઞાન, આનંદ, વિશુદ્ધિ, વિશાળતા આ બધી શક્તિઓએ સૂર્યનાં કિરણો છે. તે બધી અતિમનસમાંથી જ અવતરણ પામે છે પણ અલગ-અલગ રહીને. ઈશોપનિષદનાં ઋષિ તેમને બધાને એક કરવાની સલાહ આપે છે, તો જ સૂર્યની પેલેપાર જવાય છે. આ શક્તિઓ જુદી છે ત્યાં સુધી અધિમનસ કક્ષાની રહે છે. બધી એક જ થતાં અતિમનસ કક્ષાની બની જાય છે. આત્મ-શક્તિ મૂળ દિવ્યશક્તિ બની જાય છે.

વિવિધ - શક્તિઓ મળીને જ સત્ય ઉપરનું સોનેરી ઢાંકણ બનેલું છે તેને ખોલવાની જરૂર છે. તે પછી દિવ્ય-શક્તિ સાથે આત્મતત્ત્વનું (પુરુષોત્તમ) જે દર્શન થાય છે તે રૂપ ‘કલ્યાણતમમ્’ છે પણ તે જ હું પોતે છું. (સોહમસ્મિ)

વૈદિક ઋષિઓ ગુહ્યવિદ હતાં તેથી તેમની ભાષા ગૂઢ હોય તેમાં આશ્ચર્ય નથી (નિન્યાણિ વચાંસિ).

(૭) પ્રાચીન યોગીઓ સીધેસીધા મનમાંથી નિષ્ક્રિય અચલ-બ્રહ્મમાં પહોંચી જતા હતા, તેથી તેમના મતે સક્રિયતા જીવન અને કાર્યો, સંબંધો બધું માયા અથવા લીલા સ્વરૂપ લાગતું. આપણે નિષ્ક્રિય અને સક્રિય બન્ને બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો છે, ફક્ત નિષ્ક્રિય અચલ-બ્રહ્મનો નહિ.

(૮) પ્રાચીન યોગોમાં આત્માની મુક્તિ એ ધ્યેય છે. આપણા યોગમાં આત્મા અને પ્રકૃતિ બન્નેની મુક્તિની વાત છે. પ્રકૃતિનું રૂપાંતર દ્વારા આ બન્ને મુક્તિ પ્રાપ્ત થાય છે.

(૯) પ્રાચીન યોગીઓ સમાધિમાં જ પરમાત્મા સાથેની એકરૂપતા અનુભવતા. આપણે તેને દૈનંદિન જીવનમાં અનુભવવાની છે. અતિમનસ ફક્ત ચેતનાની એક ઉચ્ચતમ અવસ્થા કે ભૂમિકા નથી પણ તે બધી જ ચેતનાની ભૂમિકામાં પાર્શ્વભૂમિમાં આવી રહેલી પણ છે, તેથી તેનો સાક્ષાત્કાર ચેતનાની બધી જ ભૂમિકામાં શક્ય છે.

(૧૦) આપણે ભૌતિક-જીવનમાં દિવ્ય-પ્રકૃતિને જન્મ આપવા મથી રહ્યાં છીએ. પ્રાચીન યોગોએ આવો કોઇ પ્રયત્ન કરેલ નથી.

(૧૧) પ્રાચીન યોગો મન, પ્રાણનું આધ્યાત્મિકરણ કરવાનો પ્રયત્ન કરતો તેથી ચેતનામાં જે રૂપાંતર થાય છે તે આંતરિક હોય છે, સ્વલક્ષી હોય છે. બાહ્ય - ચેતનાનું પરલક્ષી રૂપાંતર થતું નથી. જ્યારે અતિમનસ પ્રકાશને શરીરના કોષોમાં ઉતારીને ત્યાંના અવચેતનનું રૂપાંતર થાય છે, ત્યારે જ કોષો રૂપાંતર પામે છે અને આપણી બાહ્ય શારીરિક-પ્રકૃતિ પણ રૂપાંતર પામે છે. શાંતિ, આનંદ વગેરેની અલગ-અલગ શક્તિઓ અધિમનસ કક્ષાની હોવાથી તે ફક્ત આંતરિક-પ્રકૃતિમાં જ ફેરફાર કરી શકે છે. સર્વ દિવ્ય-શક્તિઓને એકરૂપ કરીને અવતરણ કરાવવી એ તો તે અતિમનસ કક્ષાની થવાથી તે બાહ્ય - આંતરપૂર્ણ રૂપાંતર લઇ આવે છે.

(૧૨) અવૈયક્તિક-બ્રહ્મનો સાક્ષાત્કાર કરીને ત્યાં જ સ્થિર થનારા યોગીને પ્રાચીન યોગમાં માન્યતા મળી શકે છે પણ તેને પૂર્ણયોગી કહી શકાતું નથી. પૂર્ણયોગમાં તે એક વચલી કક્ષાનો તબક્કો છે. અવૈયક્તિક બ્રહ્મનો સાક્ષાત્કાર આંતરિક-સ્વરૂપનું રૂપાંતર કરે છે પણ બાહ્ય- સ્વરૂપનું રૂપાંતર માટે તો પૂર્ણ પરમાત્માની પૂર્ણ શક્તિ જ કામ આવે છે. પરમાત્મા ફક્ત અવૈયક્તિક નથી, તે વ્યક્તિસ્વરૂપ પણ છે.

(૧૩) મસ્તકની ઉપર અંતરીક્ષમાં અતિમનસ શક્તિનું કેન્દ્ર છે તેનો ઉલ્લેખ પુરુષસૂક્તમાં આવે છે (અત્યતિષ્ઠત્ દશાંગુલમ્) ત્યાં ચેતના સ્થિર થાય છે. તો તેને ‘વિદેહી અવસ્થા’ ‘સ્થિતપ્રજ્ઞ’ અવસ્થા કહે છે. તે ચેતના શરીરની બહાર છે તેથી વિદેહી ત્યાં પ્રજ્ઞાસ્વરૂપ અતિમનસ છે તેથી ‘સ્થિતપ્રજ્ઞ’. ત્યાં રહીને દિવ્ય-શક્તિને શરીરનાં કોષોમાં ઉતારવાની છે અને શરીરનું પણ રૂપાંતર કરવાનું છે. અતિમનસ-રૂપાંતરનો આ મહત્ત્વનો ભાગ છે. પ્રાચીન યોગોમાં આવા ઉલ્લેખો મળતા નથી.

(૧૪) અવતાર બનવું એ પૂર્ણયોગનું લક્ષ્ય નથી. અવતારમાં પ્રભુ સાથેની સચેતન એકતા જન્મથી આવે છે. તેણે ઉત્ક્રાંતિમાં નવો તબક્કો દાખલ કરવાનો હોય છે. પૂર્ણયોગી આવી રીતે નવો તબક્કો દાખલ કરવા જન્મતો નથી. અવતાર જવલ્લે જ જન્મે છે પણ અતિમનસ-જગત તો પૂર્ણયોગીઓનું બનેલું હશે. પણ પૂર્ણયોગી પોતાના સાત યોગચક્રોમાં સાતે સૂર્યોનું અવતરણ કરાવશે અને તેમને એકરૂપ કરી રાખશે.

(૧૫) અતિમનસ-ચેતનાના અવતરણની માનવી-ચેતના અને અતિમનસ ચેતના વચ્ચેના બધા જ ચેતનાના તબક્કાઓ રૂપાંતર પામશે, તે સમગ્ર રૂપાંતર હશે. બાકીના યોગો આ પૈકી એક જ ચેતનાની ભૂમિકામાં સ્થિર થઈ જતાં પણ તેથી તેમની સાધનામાં વિઘ્નો અને મુશ્કેલીઓ કાયમ નિર્માણ થતી. કારણ તેઓ અધિમનસના ક્ષેત્રમાં જ જીવતા હતાં; જ્યાં દેવાસુર સંગ્રામ રોજિંદી ઘટના જેવી હોય છે.

(૧૬) પૂર્ણયોગમાં પુરુષ અને પ્રકૃતિ એવો ભેદ અંતે રહેતો નથી. ત્યાં તેઓ શક્તિ અને શક્તિમાન બની જાય છે, જે અભિન્ન પાસાંસ્વરૂપ છે. પ્રાચીન યોગમાં પુરુષ-પ્રકૃતિ ભેદ કાયમ રહે છે.

(૧૭) પૂર્ણયોગમાં ચૈતસિક, આધ્યાત્મિક, અતિમાનસિક એમ રૂપાંતરના ત્રણ તબક્કા માન્ય છે. પ્રાચીન યોગમાં આવા તબક્કાઓ માન્ય નથી. આ તબક્કાઓ ઘણી વખત એકબીજામાં ભળી જાય છે. દા.ત. ચૈતસિક-રૂપાંતરની પ્રક્રિયામાં જ આધ્યાત્મિક-રૂપાંતરની પ્રાથમિક અવસ્થા મેળવી લેવાય છે.

(૧૮) પૂર્ણયોગનો હેતુ, દિશા અને પદ્ધતિ ત્રણે પ્રાચીન યોગો કરતાં વધુ વિશાળ છે, સમન્વયાત્મક છે અને પૂર્ણ છે. દા.ત. આત્માની પ્રકૃતિ ઉપર થતી અસરોને આપણે ચૈતસિક-રૂપાંતર ગણતા નથી. ફક્ત મનોમય કક્ષાએ વિશાળતા અનુભવવી તેને આધ્યાત્મિક-રૂપાંતર કહેતા નથી. તે ઠેઠ અવચેતન સુધી વિસ્તરવી જરૂરી છે. વળી તે સક્રિય અને નિષ્ક્રિય બન્ને સ્વરૂપમાં ધારણ કરવાની છે, ફક્ત નિષ્ક્રિયમાં નહિ.

(૧૯) પ્રાચીન યોગો ચૈત્યપુરુષનું જાગરણ અર્થાત્ ક્ષરપુરુષનો સાક્ષાત્કાર અને વિશ્વ-ચેતનાનો સાક્ષાત્કાર બન્ને માન્ય રાખે છે પણ તેઓ તેથી ઉપર પુરુષોત્તમ-ચેતનામાં આરોહણનો પ્રયત્ન કરતા નથી. આનું મહત્ત્વ ગીતાએ દર્શાવ્યું અને પૂર્ણયોગે અપનાવ્યું.

(૨૦) પ્રાચીન યોગો જગતમાંની વસ્તુઓ શુભ અને અશુભનું મિશ્રણ છે એમ માને છે. પૂર્ણયોગ પણ તેમને તેમ જ માને છે. બધું જ શુભ છે એવું માનવું સાધના માટે

ઘાતક છે. પણ અશુભ એ વિકૃતિઓ છે અને તે નિવારી શકાય છે એવું આપણે માનીએ છીએ.

(૨૧) પ્રાચીન યોગોની જેમ અન્ય જગતોના અનુભવોને પૂર્ણયોગ પણ માન્ય રાખે છે અને તેઓ માનવ - જીવન ઉપર પરિણામ કરે છે એમ પણ માને છે.

(૨૨) તેમ જ દેવી - દેવતાઓના અસ્તિત્વને પણ પ્રાચીન યોગોની જેમ પૂર્ણયોગ માને છે. તેમની મદદ પણ લે છે, પણ તેનું જીવન-ધ્યેય દિવ્ય-જીવન છે, ન કે દેવીદેવતાઓની સેવા.

(૨૩) પ્રાચીન યોગની જેમ પૂર્ણયોગ પણ વિરોધીબળોના અસ્તિત્વ અને તેમના કાર્ય અને હુમલાઓને માન્ય રાખે છે. તેઓ જડતા, શંકા, બંડ, અસંતોષ, ગ્લાનિ, આળસ, પ્રમાદ નિર્માણ કરીને સાધકની સાધનાને ઢીલમાં નાખી દે છે. ખોટી સમજણ નિર્માણ કરવી એ તેમની એક કાર્યપદ્ધતિ છે. નિમ્નપ્રકૃતિમાં કચવાટ, અસંતોષ, બંડ આ બીજી કાર્ય પદ્ધતિ છે.

(૨૪) પૂર્ણયોગ માનવીય-પ્રકૃતિમાંની શુદ્ધ વસ્તુઓને સાચી રીતે સાચા કામમાં વાપરવા માગે છે. શુદ્ધ મન, શુદ્ધ પ્રાણનાં કાર્યોને દિવ્ય-જીવનમાં વાપરવાની પૂર્ણયોગ છૂટ આપે છે.

(૨૫) પ્રભુનું સાંનિધ્ય અને હાજરી માણવા માટે પૂર્ણયોગ સંમતિ આપે છે.

સારાંશ, પૂર્ણયોગનો હેતુ, કાર્યપદ્ધતિ અને લક્ષ્ય ખૂબ જ વિશાળ છે.

અન્ય પ્રકાશનો

શ્રી એ. એસ. દલાલના શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના વચનોનો સંગ્રહ Living Wordsનું ગુજરાતી ભાષાંતર શ્રી ગીજુભાઇ દવેએ 'જીવંત વચનો' તરીકે ખૂબ જ સુંદર કરેલ છે. લગભગ ૧૦ વિભાગોમાં ૮૨ વિષયો ઉપરના કથનોનો સાર તેમાં આપેલ છે. પૃષ્ટ સંખ્યા ૧૯૦ કિં. રૂા.૧૨૦/-છે.

પ્રાપ્તિ સ્થાન : બાબુલનાથ ગિરજાશંકર દવે
પ્લેઝેન્ટ ગિફ્ટ, ૨૮૯/૧૧ સ્વિટ હોમ ફલેટસ,
સેકટર-૨૮, ગાંધીનગર - ૩૮૨૦૨૮
મો. ૯૪૨૬૩૬૭૧૬૦ ફોન : ૦૭૯ - ૨૩૨૧૦૬૧૧

વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

આખ્યાન રહસ્ય

પ્રાણ અને અપાનની સમતુલા

પ્રકરણ - ૨૦

દીર્ઘતમસ ઋષિ અંધ હોવા છતાં મંત્રના દૃષ્ટા હતા. તેમના પુત્ર કક્ષીવાન તેમની પુત્રી ઘોષા તે યુવાન થઈ.

ત્યાં તેના શરીરમાં કોઢ ફૂટ્યો. વૈદ્યો થાક્યા પણ કોઢ ફેલાતો જ ગયો.

પિતા કક્ષીવાન વૃદ્ધ થતા તેમણે વાનપ્રસ્થી જીવન સ્વીકારી આશ્રમવાસ કર્યો ઘોષા તેમની સાથે રહી.

ઘોષાને કોઢ અસાધ્ય લાગતા અશ્વિનીકુમારોનું સૂક્ત તેમણે ગાયું અને પ્રાર્થના કરી :

''ભગવન્ અશ્વિનીકુમારો, આપ તો દેવોના વૈદ્ય છો. આપે જ વિશ્પલાના કપાએલા પગને ઠેકાણે લોઢાનો પગ બેસાડી તેને ચાલતી કરી. આપે જ પુરુમિત્રની પુત્રી કમદ્યુને પતિ તરીકે વિપદને મેળવી આપ્યો. આપે જ અત્રિ ઋષિને બંધનમુક્ત કર્યા. વધ્રિમતિને પ્રસૂતિ વેદનામાંથી છુટકારો આપ્યો. કૃપા કરી મને કોઢ મુક્ત કરો.''

અશ્વિનીકુમારે ઘોષાને રોગમુક્ત કરી. પિતા કક્ષીવાને તેને અર્જુન સાથે પરણાવી. તેમનો સંસાર સુખી રહ્યો.

આ કથાનું રહસ્ય નીચે મુજબનું છે :

પ્રાણ અને અપાન આ બે પ્રાણશક્તિઓ આપણા શરીરનું સંચાલન કરે છે. એક ઋણ વિદ્યુત-સ્વરૂપની છે. બીજી ધન-વિદ્યુત સ્વરૂપની. તેમના આકર્ષણ-અપાકર્ષણથી જ માનવશરીરમાંની ઈન્દ્રિયો આકુંચન પ્રસરણ પામી શરીરનું સ્વાસ્થ્ય જાળવે છે. તેમાં અવરોધ નિર્માણ થતાં જ રોગ નિર્માણ થાય છે. ઘોષાને કોઢ ફૂટવાનું કારણ આ પ્રાણ અને અપાનની સમતુલામાં થએલો ભંગ. તે સમતુલા ઔષધિઓથી સ્થપાઇ નહિ, તેથી ઘોષાએ અશ્વિનીકુમારની સ્તુતિ કરી. તેઓ

(પૃ.૪૫ ઉપર)

શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૩

(પૃ.૧૦૬-૧૦૭)

પૂર્ણયોગમાં રૂપાંતરનો અર્થ

અવતરણો

સમજૂતી - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

૧ તે દિવ્યપ્રકાશ હજી ભૌતિક-શરીરની પણ નીચે શારીરિક કોષોમાં ઉતરેલો હોતો નથી.

૨ ત્યાંના અવચેતન અને અચેતન ઉપર તેણે વિજય મેળવવાનો પ્રયત્ન પણ કરેલ હોતો નથી.

૩ કોષોમાં ઉઘાડ આવવાનો હજી બાકી હોય છે.

૪ તે ઉઘાડ બાદ કોષોનાં જે મનોમય, પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ અને ભૌતિક સ્તરો છે જેને વેદાંત મનોમય કોષ, પ્રાણમય કોષ વગેરે તરીકે વર્ણવે છે, તેમાં હજી પ્રવેશેલો હોતો નથી અને તેમના રૂપાંતરની પણ શરૂઆત થયેલ હોતી નથી. તેનાં પાર્થિવ કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષનું રૂપાંતર થઇને જ્યારે અનુક્રમે સત્-ચિત્ અને આનંદને તે પ્રગટ કરતાં થાય છે ત્યારે જ તેમનું રૂપાંતર થયું ગણાય છે. શ્રી અરવિન્દ તેને જ અતિમાનસિકરણ કહે છે.

બીજું, દિવ્ય-પ્રકાશનું જ ફક્ત અવતરણ પણ અધૂરું જ ગણાય છે. જ્યાં સુધી તમે ગુપ્ત રહેલી શાંતિ, શક્તિ, જ્ઞાન, પ્રેમ અને આનંદની ક્ષમતાઓ પ્રગટ રીતે કાર્ય કરીને અનુભવ આવવા માંડે નહીં ત્યાં સુધી પૂર્ણરૂપાંતર શક્ય નથી.

આપણાં સ્વરૂપનાં રૂપાંતરની પણ ત્રણ કક્ષાઓ છે : (૧) ચૈતસિકરણ (૨) આધ્યાત્મિકરણ (૩) અતિમાનસિકરણ. પ્રથમ કક્ષા તો તેની શરૂઆત માત્ર છે. બીજી કક્ષા એક મધ્યાવસ્થા. તે બંનેને પૂર્ણ રૂપાંતર સમજવું પણ ભૂલ જ છે.

ચૈતસિકરણમાં યોગીને પ્રભુ પ્રત્યેનો સમર્પણભાવ સાચા દિલથી જાગે છે.

તેમાં આંતરિક-સ્વરૂપ પ્રકાશમય થતું લાગે છે. પ્રભુપ્રેમના ઊભરા આવે છે. માનવી-ચેતનાની ક્ષતિઓ ધીમે ધીમે ખરવા માંડે છે. પ્રભુ માટે કર્મ કરવાનો ભાવ જાગી તે મુજબ કાર્ય કરે છે. તેને પ્રભુ આંતર-પ્રેરણા આપે છે છતાં તે પોતાને એક વ્યક્તિ-ચેતનામાં જ સીમિત રાખે છે. વધુમાં વધુ પોતાને પ્રભુનો અંશ સમજે છે. આને ક્ષરપુરુષનો સાક્ષાત્કાર કહે છે. આ રૂપાંતરની શરૂઆત માત્ર છે.

આધ્યાત્મિકરણમાં તેની વ્યક્તિ-ચેતનાની મર્યાદાઓ છૂટતી જાય છે. તે વૈશ્વિક-ચેતના સાથે પોતાની એકરૂપતા સાધે છે, તેથી વૈશ્વિક-ચેતનાની વિવિધ દિવ્ય-શક્તિઓ સ્વરૂપ દેવો સાથે તે સંપર્કમાં આવે છે. તેમની સાથે વિનિમય કરી શકે છે. પોતે શારીરિક-મર્યાદાઓથી ઉપર ઊઠે છે. પોતાને એક સર્વવ્યાપી ચેતના તરીકે અનુભવે છે. પણ પોતે એક નિષ્ક્રિય સાક્ષીપુરુષનો સાક્ષાત્કાર કહે છે. આમાં બધી કામનાઓ ખરી પડે છે, પણ આમાં હજી અવચેતન અને અચેતન ઉપર વિજય પ્રાપ્ત હોતી નથી. દેવાસુર સંગ્રામ સતત ચાલ્યા કરે છે. આ રૂપાંતરની મધ્યાવસ્થા છે.

આ બંને તબક્કા હજી ભૌતિક-તત્ત્વ અને ભૌતિક-ચેતના જે અવચેતન અને અચેતનનાં ભાવ નીચે છે તેને મુક્ત કરી શકતી નથી, તે ટૂંકી પડે છે. જ્યારે અવચેતન અને અચેતન ઉપર વિજય પ્રાપ્ત થાય છે ત્યારે જ રૂપાંતર થયું ગણાય છે. કોષોમાંના પાર્થિવતત્ત્વનું પણ દિવ્યીકરણ ન થાય અને અવચેતન અને અચેતનનો ત્યાંથી પણ પ્રભાવ નષ્ટ કરાય ત્યાં સુધી રૂપાંતર પૂર્ણ થતું નથી.

(પૃ.૩ ઉપરથી)

પ્રાર્થનાઓ અને ધ્યાન

સાંસ્કૃતિક - પ્રગતિનો સત્યાનાશ વાળી રહ્યાં છે. તે સંકટમાંથી બચવાનો માર્ગ માતાજીને એ દેખાય છે કે તે રાક્ષસીબળોનું પણ રૂપાંતર થવું જોઈએ. તેમનો બાહ્ય દેખાવ રાક્ષસી હોવા છતાં તેઓ પણ પ્રભુના જ વિકૃત આવિર્ભાવો રૂપ હોવાથી તેમની અંદર છુપાએલા દિવ્ય-પ્રકાશમય - ચેતનાને પ્રગટ કરવી જરૂરી છે. આ સર્વનાશ કદાચ ઉત્ક્રાંતિ માટે જરૂરી હશે, તો તે બાદ આ રાક્ષસીબળોએ એવા બીજો માનવ - વંશમાં વાવવા જોઈએ જેથી પ્રભુનું ભાવિ આયોજન સફળ થાય.

(માતાજીએ અનુભવ પછી જણાવેલ છે કે બધાં જ રાક્ષસીબળો રૂપાંતર પામતાં નથી. અમુક રૂપાંતર સાધે છે, અમુક પોતાનો સર્વનાશ જ પસંદ કરે છે. આ બાબતમાં માતાજીની ચાર અસુરોની નોંધ વાંચવા જેવી છે.)

યોગ પર દીપ્તિઓ
-શ્રી અરવિન્દ

લક્ષ્ય
અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૧૬

યોગશક્તિ

સમજૂતી – કમલેશ માંડવિયા

- **યોગ એટલે ભગવાન સાથે મિલન. તેની સાથે એકતા. એ મિલન વિશ્વથી પર રહેલા પરાત્પર પ્રભુ જોડે, કે પછી પ્રભુના વિશ્વરૂપ જોડે, કે પછી વ્યક્તિના પોતાનામાં રહેલા અંતરાત્મા સાથે હોઈ શકે છે. પૃ.૧૫**
- **યોગ એટલે એક એવી ચેતનાની પ્રાપ્તિ કે જેને પ્રતાપે માનવ પોતાની ક્ષુદ્ર અહંતા, વ્યક્તિગત મન, પોતાના પ્રાણ અને દેહ વગેરેથી મર્યાદિત થઈ રહેતો નથી પરંતુ પરમાત્મા જોડે, યા તો વૈશ્વિક-ચેતના જોડે કે પછી, પોતાના અંતરાત્માની ગહન-ચેતના જોડે એકતા અનુભવે છે. પૃ.૧૫**
- **પોતાની અંદર કાર્ય કરી રહેલ એ સૂક્ષ્મ-શક્તિઓને સાધક જાણે છે એટલું જ નહિ પરંતુ વિશ્વમાં કાર્ય કરી રહેલ શક્તિઓનું પણ તેને જ્ઞાન થાય છે.પૃ.૧૬**
- **આ નવી ચેતનાના વિકાસની સાથે સાથે એક પ્રકારની શક્તિ પણ સાધકમાં જાગ્રત થાય છે. પૃ.૧૬**
- **આ શક્તિ તે યોગશક્તિ છે.**

આધ્યાત્મિક મિલન - યોગ ત્રણ પ્રકારના હોઈ શકે છે, આ યોગ-મિલનમાં સાધક પોતાની ચેતનાને પરાત્પર ચેતના સાથે અથવા તો વૈશ્વિક- ચેતના સાથે અથવા અંતરાત્મા સાથે એકતા સાધે છે અથવા તો આ ત્રણેય તબક્કાઓમાં એક સાથે એકતા અનુભવે છે.

આ ત્રણેય પ્રકારની એકતા મૂળભૂત રીતે તો એક જ પરમચેતનાના જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થઈને અનુભવ લેવાની ક્રિયા હોય છે. સાધક પોતાની ચેતના પોતાનામાં રહેલ ચૈત્યપુરુષ અંતરાત્મા સાથે એકરૂપ કરીને દિવ્ય-જીવનની શરૂઆત કરી શકે છે. પોતાનામાંનો દિવ્ય અંશ છે તે જ તેની મૂળભૂત ચેતના અને સ્વરૂપનો

સ્વામી અનુભવે છે. આ વ્યક્તિગત મુક્તિની વાત છે. ચૈત્યપુરુષનું અગ્રભાગે આવવાની પ્રક્રિયા હોય છે. તે સાથે સાધકની ચેતના એક પ્રકારનો ઉઘાડ અને દિવ્યતા અનુભવે છે અને ક્રમશઃ તેની ચેતના વધારે ને વધારે શુદ્ધ અને દિવ્ય થતાં જ તેને વૈશ્વિક-ચેતનાના સંપર્કો થવા માંડે છે. તેને એમ લાગે છે તે આ વિશ્વવ્યાપી ચેતનાનો જ એક અવિભાજ્ય અંશ છે. વિશ્વાત્માનો જ તે પુત્ર છે. ''અમૃતસ્ય પુત્રાઃ'' જાણે પોતે આ વિશ્વસ્વરૂપનો અખંડ અને દિવ્ય ભાગ છે. તે સાથે તેનામાં કામ કરી રહેલી વૈશ્વિકશક્તિઓનો પણ પરિચય થાય છે અને તે જુદી જુદી શક્તિઓના સૂક્ષ્મ કાર્યને સમજતો જાય છે. ગૂઢજ્ઞાન તેનામાં પ્રગટ થવા માંડે છે. વ્યક્તિ-ચેતનામાં જે કંઈ ટુકડા ટુકડા અથવા ધૂંધળું લાગતું હતું તે તેને હવે સ્પષ્ટ અને દિવ્ય-આયોજનનો જ ભાગ લાગવા માંડે છે. તે અનુભવે છે એક વિરાટ-આયોજનમાં અનેક વૈશ્વિક શક્તિઓ ખૂબ જ મોટા પાયા પર કામ કરી રહેલ છે અને આ શક્તિઓ તેના દ્વારા પણ કામ કરતી અનુભવે છે. સામાન્ય લોકોની જેમ તે અભાન-અવસ્થામાં ન હોઈ તે આ શક્તિઓના સૂક્ષ્મ અને પરિણામ સાધક આયોજનને જાણે છે અને તેને તે બાબતે દિવ્ય-કાર્યમાં ઉપયોગમાં લેતા પણ શીખે છે.

છતાં પણ સાધક અનુભવે છે કે આ વૈશ્વિક-શક્તિઓ જુદીજુદી અને અલગ-અલગ કાર્ય કરતી હોય છે. તેની પાછળ રહેલ અદિતિ - પરમ ચેતનાથી તે અજાણ જ હોય છે. આ વૈશ્વિક-એકરૂપતા પણ આંખોને આંજી નાખનારી અને અધ્યાત્મમાં પરમસિદ્ધિ તરીકે સામાન્ય રીતે ઓળખાય છે. જો સાધક અહીં જ અટકી જાય તો ''સાવિત્રી''માંના સત્યવાનની જે શરૂઆતની સ્થિતિ હતી તે સ્થિતિએ આવીને ઊભો રહેલ છે. વિશ્વરૂપતા છે છતાં આ વિરાટ-આયોજન અને જીવનની ઘટમાળમાં અટવાયેલો રહે છે. વ્યક્તિગત અહંકાર ખરી પડ્યો છે. મન-પ્રાણ-શરીર વિશાળતા અને દિવ્યતા અનુભવે છે. છતાં ..... Satyvan is the soul carrying the divine truth of being within itself but descended into the grip of death and ignorance. - Sri Aurobindo.

આ વૈશ્વિક-ચેતનાની પાછળ પણ કોઈ ઊર્ધ્વ-ચેતના છે તેમ સાધક અનુભવે છે અને તેથી તે ઊર્ધ્વારોહણ કરે છે. ત્યારે તે પરાત્પર-ચેતનાના સંપર્કમાં આવે છે. પરમ-ચેતના મા અદિતિ સાથે એકતા અનુભવે છે અને હવે વ્યક્તિગત અને વૈશ્વિક શક્તિઓ એક સ્રોત - મૂળમાંથી જ આવિર્ભાવ પામતા અનુભવે છે. આ મૂળશક્તિ, આદ્યાશક્તિને શ્રી અરવિન્દ યોગ-શક્તિ કહે છે.

સાધકની અનુભૂતિ અને એકતા અનુસાર આ યોગશક્તિ સાધક વ્યક્તિગત કક્ષાએ, વૈશ્વિક કક્ષાએ અથવા તો પરાત્પર સ્વરૂપે અનુભવે છે અથવા તો એક સાથે ત્રણે કક્ષાએ એકરૂપતા સાધીને ત્રણેય કક્ષાએ અનુભવે છે. ચેતનાના વિકાસ સાથે આ યોગશક્તિ પણ સાધકને વધારે ને વધારે કાર્ય કરતી અનુભવાય છે.

વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

આર્ય (માનવ) ભાષાનાં ઉદ્‌ગમ-સ્થાનો
મંત્ર જાગરણનીક્રિયા : (વેદ અર્થઘટનની આંતરિક પદ્ધતિ)

(વેદનું રહસ્ય ભા. ૨ પૃ. ૨૧૯-૨૪૫, વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૨૭૭-૨૮૪)

પ્રકરણ -૮-૯

સમજૂતી - માનસિંહ ચાવડા

ગતાંકનું ચાલુ

શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના અભ્યાસુને ભાષાવિકાસની પ્રક્રિયા સમજાયેલી હોવી જોઇએ. મૂળ ભાષા બીજરૂપે હોય છે. તેમાંથી જ વિવિધ શબ્દો રચાઇને ભાષાનો વિકાસ થાય છે. જગતની નિર્મિતિની પ્રક્રિયા બાબત કહેવાયું છે કે - ''એક બીજે બહુધાયઃ કરોતિ'' અર્થાત્ એક મૂળતત્ત્વ વિવિધરૂપે પ્રગટ થાય છે. તે જ ભાષા-વિકાસની પણ પ્રક્રિયા છે. તેમાં એક સાદો મૂળધાતુ ભાષા-વિકાસ સાથે વિવિધ અર્થની છટાઓવાળા વિવિધ શબ્દરૂપે વિકાસ પામે છે. આધુનિક વિકસિત ભાષામાં એક જ અર્થ માટે એક જ ખાસ શબ્દ વાપરવાનો પ્રયત્ન હોય છે પણ પ્રાચીન મૂળ ભાષામાં એક જ શબ્દ હાવભાવ, અવાજના આરોહ, અવરોહમાં ફેરફાર કરીને વિવિધ અર્થછટાઓ વાપરવા માટે વપરાતો. મૂળ આ જ વાત વૈદિક-સૂક્તોનો સાચો અને સળંગ અર્થ કાઢવામાં મુશ્કેલી સર્જે છે. આધુનિક માનસ એક શબ્દનો એક જ નિશ્ચિત અર્થ લેવા ટેવાએલું હોય છે, જ્યારે વેદોમાં એક જ શબ્દથી વિવિધ અર્થો પ્રગટ કરવામાં આવે છે.

ભાષાને બાજુઓ છે - ભૌતિક અને માનસિક. ભૌતિક બાજુમાં શબ્દોના ભૌતિક-ઉચ્ચારો માટે ગળું, તાળવું, જીભ, દાંત, હોઠ વગેરે માટે વપરાતાં, શબ્દ સાંભળવા વપરાતાં કાન, ચેતાવાહક તંતુઓ મગજ; આ બધાંનો સમાવેશ થાય છે. જ્યારે માનસિક બાજુમાં તે શબ્દ સંવેદનોનો લેવાતો 'અર્થ' છે, સમજણ છે.

ભાષાનાં ક્લેવરની રચના સંસ્કૃત ભાષામાં જેટલી આ વસ્તુઓ ધ્યાનમાં લઇને કરવામાં આવી છે તેટલી અન્ય ભાષામાં નથી.

પ્રથમ ભેદ સ્વર અને વ્યંજનો તરીકેનો છે. સ્વર એટલે અ, આ, ઇ, ઈ, ઉ, ઊ થી માંડીને અઃ, આ - ૧૨ અને ઋ,ૠ, ઌ, ૡ આ ચાર મળીને કુલ ૧૬ સ્વરો અને વ્યંજનો એટલે ક, ખ, ગ થી માંડી ક્ષ, જ્ઞ સુધીના ૩૬ વ્યંજનો. આમ, કુલ ૫૨ (બાવન)

આદ્યાક્ષરો થાય છે. વ્યંજનનાં પાંચ વિભાગ અથવા વર્ગ પાડેલાં છે. તે જે વ્યંજનના ઉચ્ચારમાં વપરાતા અવયવના આધારે પાડેલાં છે. તેમના પ્રથમ વ્યંજનથી તે વર્ગ ઓળખાય છે. તેવા ક,ચ,ટ, ત, પ, આ પાંચ વર્ગો છે તે નીચે મુજબનાં છે :

૧ ફક્ત કંઠથી બોલાતા (કંઠ્ય) - ક, ખ, ગ, ઘ, ઙ

૨ તાળવાના આગળના ભાગે જીભ ભટકાડી બોલાતા (તાલવ્ય) - ચ, છ, જ, ઝ, ગ

૩ તાળવાના ઉપરની બાજુ જીભ અફળાવીને બોલાતા (દંત્ય) - ત, થ, દ, ધ, ન

૫ ફક્ત હોઠથી બોલાતા (ઔષ્ઠય) પ, ફ, બ, ભ, મ

૬ ય, ર, લ, વ, સ, શ, ષ, હ, ળ, ક્ષ, ય

સારાંશ, ભાષાની બાજુનો માનસશાસ્ત્ર જણાવે છે બાહ્ય જગતને જાણવા આપણે જેમ પાંચ બાહ્ય ઈન્દ્રિયોનો ઉપયોગ કરીએ છીએ તેમ આંતરિક અર્થઘટન કરવા ચાર આંતર ઈન્દ્રિયોનો ઉપયોગ કરીએ છીએ. તેમનું સામૂહિક નામ છે અંતઃકરણ અર્થાત્ આંતર ઈન્દ્રિયે. કરણ એટલે ઈન્દ્રિય અથવા સાધન. તેમનાં નામ છે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. મન બાહ્ય ઈન્દ્રિયોનાં સંવેદનો ઝીલી તેમાંથી માનસ-પ્રતિમા રચે છે. દરેક ઈન્દ્રિય પોતાના વિશેષ સંવેદનો જ મોકલી શકે છે. દા.ત. શ્રવણનાં સંવેદનો કાન, રૂપનાં સંવેદનો આંખ, સ્પર્શનાં સંવેદનો ત્વચા, સ્વાદનાં સંવેદનો જીભ. ગંધના સંવેદનો નાક. આ બધાં સંવેદનો ગોઠવી મન તેમાંથી માનસિક પ્રતિમા રચે છે અને બુદ્ધિ સામે ધરે છે. બુદ્ધિ તેનું અર્થઘટન કરે છે. ચિત્તનું કામ સંવેદનોને સ્મૃતિ તરીકે જાળવી રાખવાનું છે. સ્મૃતિની મદદ બુદ્ધિ અર્થઘટનમાં કરે છે. અર્થઘટનને અહંકાર સામે રજૂ કરવામાં આવે છે. અહંકાર તેનો પ્રતિભાવ કેવો દેવો તેનો નિર્ણય લઈને મગજને આજ્ઞા કરે છે. મગજ શરીરને આજ્ઞા કરી પ્રતિભાવ વ્યક્ત કરે છે. સારાંશ, ભાષાના શબ્દોનું અર્થઘટન કરવાની આ માનસિક બાજુ છે.

મૂળ પ્રાથમિક સ્વરૂપની ભાષામાં દરેક શબ્દનો ઉપયોગ નામ, ક્રિયાપદ, વિશેષણ અને ક્રિયા વિશેષણ તરીકે મુલાયમ રીતે કરાતો પણ ભાષાના વિકાસ દરમિયાન તે એક જ શબ્દનાં નામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયા વિશેષણ તરીકે તે મૂળ શબ્દમાં થોડા ફેરફાર સાથે નવા શબ્દો રચવામાં આવ્યાં. આમ ભાષાના વિકાસ સાથે શબ્દનો અર્થ નિશ્ચિત થવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે.

આ પ્રક્રિયાના નીચેના તબક્કા છે :શબ્દક્રિયા, કર્મ, કર્તા તરીકેના ભેદો પાડવાં.

૨ ક્રિયાપદમાંથી કર્તરિ, કર્મણિ પ્રયોગ માટે તેમ જ ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ માટે જુદા જુદા શબ્દોનો ભેદ રચવો.

૩ શબ્દને જ વિશેષણ તરીકે વાપરવામાં એકવચન, દ્વિવચન, બહુવચન અને વિભક્તિના પ્રત્યયોનો ભેદ રચવો.

૪ વિશેષણ ઉપરથી ક્રિયા-વિશેષણોનાં ભેદ પાડવાં.

આ બધા ભેદો રચવા જુદી જુદી પ્રયુક્તિઓ કરવામાં આવી. દા.ત.

૧. વ ધાતુને ઉપસર્ગ લગાડીને દા.ત. અવ, વિવ.

૨. એકાક્ષરી વ ધાતુની પાછળ વ્યંજન જોડીને નવા ધાતુ રચવા 'વ' ધાતુમાંથી વદ્, વલ્

૩. વ ધાતુને સ્વર અને વ્યંજન બંને લગાડીને દા.ત. તદત્વ, વદત્વ.

૪. બે અથવા દોઢ વ્યંજન બંને લગાડીને દા.ત. તદત્વ, વદત્વ

૫. ભૂતકાળ દર્શાવવા ધાતુ આગળ 'અ' લગાડીને દા.ત. અવદત્

૬. પુરુષ અનુસાર ક્રિયાપદને પ્રત્યય લગાડીને દા.ત. અહં વદામિ, ત્વં વદસિ, સઃ વદતિ.

સારાંશ, ભાષાના આ બાહ્ય ક્લેવરની રચનામાં નિશ્ચિત નિયમોના આધારે વિકાસ થયો છે.

ભાષાની માનસિક બાજુનો અભ્યાસ કરતા મૂળ પ્રશ્ન ઊભો થાય છે. અમુક શબ્દોનો અમુક જ અર્થ કેવી રીતે નિશ્ચિત થયો ? દા.ત. 'વ' આ એકાક્ષરી ધાતુનો અર્થ અમુક જ શા માટે લેવાયો ? તે લેવાનું કોઈ મૂળભૂત કારણ હશે તે પછી અન્ય કારણો પણ નિર્માણ થયાં હશે.

આ બાબત વેદમાં ભાષા-વિકાસના જે ચાર તબક્કા સમજી લેવા જરૂરી છે. તેમને પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી આ ચાર વાણી અથવા ભાષા કહેવામાં આવે છે. પરામાં અર્થ પ્રગટ થાય છે પણ તેને શબ્દોથી મઢવામાં આવેલો હોતો નથી. તે શબ્દાતીત ભાષા છે. છતાં ત્યાં 'અર્થ' છે, સમજણ છે. પશ્યંતિમાં તે સમજણ ચિત્તમાં માનસપ્રતિમા રચે છે. જે મનની આંખથી જોવાય છે. તેનું નામ પશ્યંતિ ભાષા. આ તબક્કે પણ શબ્દ રચાયો હોતો નથી. ત્રીજા તબક્કામાં શબ્દ પ્રવેશે છે અને વિચાર-સ્વરૂપ વાણી પ્રગટ થાય છે. તેમાં શબ્દો હોય છે પણ તે હજી ભૌતિક સ્તરે પ્રગટ થયેલો હોતો નથી, માનસિક સ્તરે થયેલો હોય છે. મનમાં જ ભાષા બોલાય છે. ચોથા તબક્કામાં ભાષા સ્થૂળસ્વરૂપે બોલાય છે અને સંભળાય છે.

એકાક્ષરી ધાતુ, એનો 'અર્થ' અંતઃકરણમાં પરાભાષામાં પ્રગટ થાય છે. ત્યાં આત્મતત્ત્વની ફેલાયેલી ચેતનાના અંશ તરીકે જ જ્ઞાતા અને જ્ઞેય (વિષય અને જ્ઞાતા) હોવાથી તે આંતર-પ્રેરણાથી પ્રગટ થતો લાગે છે. મંત્રશાસ્ત્રમાં એકાક્ષરી ધાતુને જ

'બીજમંત્ર' કહેવાય છે અને તેના ચિત્તમાં પ્રગટતા અર્થને નોંધવામાં આંતરિક રીતે જ આવે છે.

વેદમંત્રોનો સાચો અર્થ આવી રીતે અંતઃકરણમાં પોતાની મેળે પ્રગટ થતો લાગે છે અને તે સમજણ જ તે મંત્રના શબ્દોનો સાચો અર્થ નિશ્ચિત કરવામાં મદદરૂપ બને છે. વેદ પોતાનું જ રહસ્ય જાણે પોતે જ પ્રગટ કરે છે.

*

ઋગ્વેદમાં પ્રથમ મંડળમાંનું ૧૭૧મું સૂક્ત - ઈન્દ્ર અને અગસ્ત્યના સંવાદના અંતે આ સૂક્ત અગસ્ત્યે રચેલું છે.

આ સૂક્તમાં પ્રથમ મંડળમાંના ૧૬૫માં સૂક્તમાં દર્શાવેલ ઈન્દ્ર-મરુતોનો સંવાદ આધારભૂત છે. તેમાં જણાવેલ છે કે પ્રભુના આયોજન મુજબ મરુતોએ ઈન્દ્રના તાબેદાર થઈને (ઈન્દ્ર જ્યષ્ઠો મરુદગણઃ) કાર્ય કરવાનું છે. ઈન્દ્ર આંતરપ્રેરણાઓ દ્વારા સાધકને સાધનાકીય રહસ્યો સમજાવે છે અને આગામી માર્ગ દર્શાવે છે. આ પ્રસંગે મરુતોરૂપી પ્રાણશક્તિઓ તે દિવ્ય-વિચાર નબળો પડીને વિરમી ન જાય પણ તેમની પાછળ ભાવનાત્મક પ્રાણમય બળ ઊભું કરીને સાધકને તે વિચાર મુજબ સાધના કરવાની તીવ્ર ગતિ આપે છે. મરુતો એટલે સક્રિય બનેલું વાયુતત્ત્વ. મરુતો ઋત્‌ના મિત્રો છે. તેઓ પ્રકાશને વધારે જ્વલંત બનાવે છે. રહુગણ ઋષિએ આ સત્યો દર્શાવેલાં છે, તેથી અગસ્ત્ય મરુતોને ઈન્દ્રનાં સૂચન અનુસાર તેની સાધનામાં મદદરૂપ થવા વિનંતી કરે છે.

મરુતો માટે વેદોમાં 'સૂક્ત' નહિ પણ 'સ્તોમ' રચાય છે. સૂક્તમાં જ્ઞાનની શાંત પ્રક્રિયા દર્શાવેલી હોય છે. સ્તોમમાં તેમાં આવેગ પૂરીને ભાવનામક આગ્રહ લાવવામાં આવે છે. મરુતો પોતે ગતિમાન શક્તિ હોવાથી તેમના સ્વભાવ માટે 'સ્તોમ' જ અનુકૂળ હોય છે.

શબ્દમાં શક્તિ છે. વાક્-શક્તિ છે. તે મંત્રો વડે ઋષિઓ દેવોનું સર્જન, તેમની શક્તિનો પ્રવેશ પોતાના સ્વરૂપમાં કરાવી શકે છે. તે દૈવી-શક્તિને મંત્ર વડે જ પોતાના સ્વભાવનો અવિભાજ્ય ભાગ અને અંશ બનાવી શકાય છે, એટલું જ નહિ આ આંતરિક સત્ય તીવ્ર રીતે સક્રિય બને તો બાહ્ય જગતમાં પણ તેને અનુરૂપ પરિણામો સર્જે છે.

વેદોમાં બાહ્ય અભિવ્યક્તિ માટે 'વચસ્' 'ગીરા' શબ્દ વપરાય છે. પોતાના સ્વરૂપમાં તે અભિવ્યક્તિનાં આંદોલનોને નિર્માણ કરી ધારણ કરવા 'સ્તોમ' વપરાય છે. વચસ્ અને સ્તોમ મળીને જ મંત્ર કે મન્મ તૈયાર થાય છે. હૃદય અથવા આત્માની વિશાળતાની અભિવ્યક્તિને 'બ્રહ્મન્' કહેવાય છે. મંત્ર નિર્માણ થવા માટે પાર-માનસિક ચેતનામાંથી પ્રેરણાઓ આવે છે. તે વિચાર સ્વરૂપ ધારણ કરે છે. પ્રકાશમય

હૃદયમાં તે દિવ્ય-વિચારની ધારણા દૃઢ થાય છે (ઇન્દ્ર) (મનીષા) તેને પ્રાણમય ભાવનાઓ જ્વલંત બનાવે છે (મરુતો) તેને આવેગપૂર્ણ રીતે વ્યક્ત કરાવે છે (સ્તોમ્); ત્યારે મંત્ર સ્વરૂપ પ્રગટ થાય છે.

વેદોમાં હૃદય એટલે ચિત્ત. તે ફક્ત ભાવનાત્મક-આવેગોનું જ સ્થાન નથી તો ભાવનાઓ, કલ્પનાઓ, સ્મૃતિઓ, વિચારો, સંકલ્પો, આંતરપ્રેરણાઓ, આંતરશ્રવણો, આંતરદર્શનો બધાંને જ અભિવ્યક્ત કરવાનું સાધન છે. તે શાંત અને સ્થિર હોય તો પરમ-ચેતનાનું પ્રતિબિંબ પણ ઝીલી શકે છે. તે અવચેતનને પણ અભિવ્યક્ત કરે છે, તેથી હૃદય (કેન્દ્રિય ભાગ) કહે છે. અને બ્રહ્મન્(બધાંને વ્યક્ત કરતું) પણ કહે છે. તેની દ્વારા અહંકાર પણ વ્યકત થાય છે. મંત્ર અહીં જ પ્રગટ થાય છે, તેથી અહીંની અભિવ્યક્તિને બાકીનાં ઉપરનાં બધાં મદદરૂપ અથવા વિરોધી થઇ શકે છે. જો તેઓ બધાં જ એકરૂપે મદદરૂપ થાય તો તે મંત્ર બની જાય છે, સંકલ્પ બની જાય છે. જો વિરોધ થાય તો વિકલ્પ' બની જાય છે. આવા મંત્રને વિશ્વની શક્તિઓ પણ મદદરૂપ બની જાય છે, તેથી ભૌતિક જગતમાં પણ તેની અસર દેખાય છે. વિશ્વશક્તિઓ સહકાર કરે માટે ચિત્તે પોતામાં તે મંત્ર દ્વારા રચાયેલાં સ્વરૂપો સાથે એકરૂપ અને તન્મય થવાની જરૂર છે.

મરુતો અગસ્ત્યની વિનંતીને માન આપી ઇન્દ્રને સહકાર કરે છે તેથી મંત્ર નિર્મિતિની પ્રક્રિયા શરૂ થઇ જાય છે. ચિત્તને સક્રિય કરનારા મરુતો જ છે.

સાધનામાં બધાં જ દિવ્ય વિચારો, ભાવનાઓ, કલ્પનાઓ, સંકલ્પો, પ્રેરણાઓ, દર્શનો, શ્રવણોએ સહભાગી થવાનું હોય છે. આવી દિવ્ય વસ્તુઓને વેદો 'દિવસ' કહે છે. મલિન વસ્તુઓને રાત્રી. તે બધાંનો હેતુ એક થઇ જવો જોઇએ. હેતુઓની ભિન્નતા નષ્ટ થવી જોઇએ. તેને વેદો જણાવે છે વનોનું દહન.

જેમ વનની દરેક વસ્તુ અગ્નિનું ઈંધન બની જાય છે તેમ બધાં જ તત્ત્વો એક ધ્યેય રાખે છે. અગસ્ત્યે આ ભૂમિકા રચી. શરૂઆતના મરુતો અવચેતનના પવનના પ્રવાહો હતા હવે તે ઇન્દ્રની શક્તિના પ્રવાહો બની જાય છે. આ શકિતઓ અજેય છે.

આ સૂક્તમાં આ વિચારોની પાર્શ્વભૂમિ છે, તેથી અગસ્ત્ય મરુતોને વિનંતી કરી છે કે તમારી પાસેથી સાચા નિર્ણયોની (સુમતિની) પ્રાર્થના કરવામાં આવે છે. ભિક્ષે સુમતિ તુરાણમ્ (૧) તુર = અશ્વો = મરુતો) તમારી ક્ષમતાઓરૂપી અશ્વોને મુક્ત રીતે સક્રિય કરો. (મુંચધ્વમશ્વાન્) (૧)

મરુતોને મંત્ર જાગરણ પ્રક્રિયામાં મદદરૂપ થવા વિનંતી કરે છે હૃદાતષ્ટો મનસા ધાયિ દેવાઃ (૨) હૃદયથી ઘડાયેલી, મનથી માન્ય આ પ્રાર્થના છે. ઉપેમા વાત મનસા

(અનુ.પૃ.૩૨ ઉપર)

સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

મૃત્યુ પછીની સ્થિતિ

પ્રકરણ - ૨૨

(ખંડ-૨, પૃ.૧૨૬) (તા.૧૦.૭.૨૩)

સમજૂતી - માનસિંહ ચાવડા

શિષ્ય : જ્યારે માણસ દેહત્યાગ કરે છે ત્યારે જીવ શું તરત બીજો જન્મ લે છે?

શ્રી અરવિન્દ : દેહ ત્રણ છે જે પૈકી ભૌતિક-દેહનો ત્યાગ મૃત્યુ સમયે અને સૂક્ષ્મ શરીરનો તે પછી કાલાંતરે થાય છે. કારણ શરીરનો દેહત્યાગ શક્ય નથી. તે સનાતન-શરીર છે. વળી જીવના લોકો અર્થ લે છે. ચૈત્યપુરુષ અથવા જીવાત્મા. જીવાત્મા જન્મ લેતો જ નથી પણ ઉત્ક્રાંતિની પ્રક્રિયાનો અધ્યાય હોય છે. ચૈત્યપુરુષ ઉત્ક્રાંત થાય છે. તે ઉત્ક્રાતિમાં દાખલ થાય છે.

શિષ્ય : હું ભૌતિક-શરીરનાં જન્મની વાત કરું છું. તે જીવની ઉત્ક્રાંતિ માટે જરૂરી છે.

શ્રી અરવિન્દ : ચૈત્યપુરુષ ભૌતિક - શરીર વગર પણ સૂક્ષ્મ-શરીરમાં પણ વિકાસ સાધે જ છે પણ તે મનોમય અને પ્રાણમય હોય છે. સમગ્ર વિકાસમાં સ્થૂળ શારીરિક તત્ત્વ પણ સહભાગી થવું જરૂરી છે તેથી વિકાસ એટલ ફક્ત ભૌતિક શરીર દ્વારા જ એ એક ગેરસમજ છે. પૂર્ણ વિકાસ માટે શરીરને પણ સહભાગી કરવું જરૂરી છે એ સાચું.

શિષ્ય : તો જીવતો અને મરેલો વચ્ચેનો તફાવત શું?

શ્રી અરવિન્દ : સૂક્ષ્મ મનોલોક અને પ્રાણમય લોકમાં પણ જીવન છે જ, તેથી તે જીવે જ છે વ્યવહારમાં. આપણે ભૌતિક શરીરના ત્યાગને 'મરેલો' કહીએ છીએ.

શિષ્ય : વિવિધ લોકોમાંનું આવાગમન શું છે?

શ્રી અરવિન્દ : આ કાંઈ અવકાશમાંથી લાંબો પ્રવાસ કરીને પહોંચવાના લોક નથી. પણ ચેતનાની વિવિધ કક્ષાની અવસ્થાઓ છે. તેઓ એકબીજાથી સ્વતંત્ર લાગે છે. કારણ બન્ને વચ્ચે અચેતનનો પ્રદેશ આવેલો છે. જેમ ફિલ્મના બે ચિત્રો વચ્ચે ક્ષણિક અંધકારનો પટ્ટો આવે છે તેવી આ સ્થિતિ છે. પણ આપણે તે ચિત્રપટને

(અનુ.પૃ.૯ ઉપર)

ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

અધ્યાત્મ યજ્ઞ (વૈશ્વાનર અગ્નિ)

પ્રકરણ-૪૨ (મૈત્રાયણીય ઉપનિષદ) (પ્રપાઠક ૧ થી ૯)

યજ્ઞના કર્મકાંડમાં અગ્નિ - ચયન કરવાનું હોય છે. ચયન એટલે સ્વીકારવું, બહાર હવનકુંડમાં અગ્નિની સ્થાપના કર્યા બાદ આ યોગિક - પ્રક્રિયા આંતરિક રીતે કરવાની હોય છે. તેમાં ત્રણે અગ્નિઓનું પોતાના સ્વરૂપમાં સ્થાપન કરવાનું હોય છે અર્થાત્ વૈશ્વાનર અગ્નિને હૃદયમાં, તેજસ અગ્નિને ભ્રૂમધ્યમાં અને પ્રાજ્ઞ અગ્નિને મસ્તકની ઉપર. ત્રણ પુરુષો જ ત્રિણાચિકેત અગ્નિ છે. આને 'પ્રાણયજ્ઞ' પણ કહે છે આ માટે એક આખ્યાન છે.

વૃદ્ધ બૃહદ્રથ રાજા રાજ્ય પુત્રને સોંપી વૈરાગી બની જંગલમાં જતા રહ્યાં. તેણે ત્યાં સૂર્યનું ધ્યાન કરવાનું અખંડ તપ આરાધ્યું, તેથી તેજોમય શાકાયન ઋષિ તેમની સામે પ્રગટ થઈ વર માંગવાનું કહ્યું.

''ઋષિવર, આપ આત્મજ્ઞ છો. મને આત્મજ્ઞાન આપો'' ઋષિએ આ છોડી અન્ય વર માગવા કહ્યું, પણ રાજાએ ના પાડી.

''રાજન્, ભગવાન મૈત્રયે મને જે ઉપદેશ આપેલો તે હું તમને જણાવું છું. શ્વાસ-પ્રશ્વાસને રોક્યા વગર સહજ ભાવે તેની ઉપર એકાગ્ર થવું. જે સાક્ષીભાવે જોતો હોય છે તે જ આત્મતત્ત્વ છે. તે નિરાકાર, સર્વવ્યાપી, પ્રકાશમય, સચેતન અને સભાન છે. આ પ્રકારે તમે પણ અભ્યાસ કરજો.''

થોડીવાર થોભી શાકાયન બોલ્યા, ''રાજન્, ભગવન મૈત્રયીએ મને કહેલો એક પ્રસંગ મને યાદ આવ્યો. વાલખિલ્ય ઋષિએ ક્રતુ પ્રજાપતિને પ્રશ્ન પૂછેલો કે ભગવન, આ નિર્જીવ જડ શરીરને ચલાવનાર કોણ છે?'' વાલખિલ્ય એટલે ગાયના ખરીથી પડેલા ખાડામાં જેટલું અન્ન સમાય તેટલો જ અલ્પાહાર લેનાર ઋષિ. ''તે પોતાની જ શક્તિઓથી મહિમાવંત થએલું આત્મતત્ત્વ છે.'' ક્રતુએ જવાબ આપેલો.

''ભગવન્, પણ આત્મતત્ત્વ સૂક્ષ્મ છે, શરીર જડ. તે કેવી રીતે શરીરને ચલાવી શકે છે?''

''તે આત્મતત્ત્વનો જ એક અંશ શરીરમાં પ્રવેશતા જ શરીરનાં સૂક્ષ્મ તત્ત્વો તે ચેતનાને ગ્રહણ કરે છે અને પોતાનાથી વધારે સ્થૂળ-તત્ત્વોને ચેતવતા જાય છે. આમ,

અંતે શરીર ચેતનવંતુ બને છે. તેથી જ આવા શરીરસ્થ-ચેતનાને વિશ્વરૂપ પ્રજાપતિ કહે છે. વિશ્વનો અર્થ કારણ, સૂક્ષ્મ અને સ્થૂળ ત્રણે શરીરરૂપી ત્રણે લોકમાં વ્યાપ્ત ચેતના. તે બધાં તત્ત્વોનું સંચાલન કરે છે તેથી તેને પ્રજાપતિ કહે છે.

''આત્મતત્ત્વને અનંતરૂપો ધારણ કરવાની ઈચ્છા થઈ. તેથી તે સૂક્ષ્મ આકાશ-સ્વરૂપ થયો પણ હાલચાલ કરી ન શક્યો. પછી વાયુરૂપ, પછી તેજરૂપ, પછી આપરૂપ અને અંતે પાર્થિવરૂપ થયો. ત્યારે જ તે શરીરને હલાવી શક્યો. પંચમહાભૂતોની સાંકળથી જ તે શરીરનું સંચાલન કરે છે. તેમાં પણ પાંચે તત્ત્વોમાં ગતિ આપનાર પંચપ્રાણથી જ ખાસ તો તે સંચાલન કરે છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન; આ જ પાંચ પ્રાણ છે. પ્રાણ નાભિથી ઉપર કંઠ સુધી ગતિ કરે છે. અપાન નાભિથી નીચે, વ્યાન નાભિમાં રહી આ બન્નેને મદદરૂપ થાય છે. વ્યાન એટલે બન્નેમાં વ્યાપ્ત અર્થાત્ ફેલાએલો. ઉદાન કંઠથી ઉપર બ્રહ્મરંધ્ર સુધી ગતિ કરે છે અને સમાન સમગ્ર શરીરમાં રહી તેમના કાર્યનાં પરિણામોને કોષે કોષમાં લઈ જાય છે.

પ્રાણ અને અપાનમાં અલગ અલગ વિદ્યુત વહે છે (ધન અને ઋણ) તે વિદ્યુત ધારાઓને જ 'ઉપાંશુ' અને 'અંતર્યામ' વિદ્યુત ધારાઓ કહે છે. ઉપાંશુ જનારો વિદ્યુત પ્રવાહ, અંતર્યામ પાછો ફરનારો. જે ગરમી તે નિર્માણ કરે છે તેને 'દેવોષ્ણ્ય' અર્થાત્ દેવની ઉષ્ણતા કહે છે. આ જે ઉષ્ણતા નિર્માણ થાય છે તે જ વૈશ્વાનર અગ્નિ છે. તે વૈશ્વાનર અગ્નિનો 'ભડભડ' અવાજ કાનમાં આંગળી નાંખી સાંભળવાથી સંભળાય છે. મૃત્યુ પહેલા તે સંભળાવાનો ક્ષીણ થતો જાય છે અને મૃત્યુ વખતે બંધ પડે છે. (ક્રમશઃ)

(પૃ.૨૯ ઉપરથી)

વેદ-રહસ્ય

(૨) શબ્દો પ્રત્યે ગતિ કરો. પ્રકાશમય ભાવો સંપી જાઓ (વનાનિ અહાનિ) (૩) હે ઈન્દ્ર ! સમર્થ મરુતોની સહાયથી અમને આંતરપ્રેરણાઓ આપો (સ નો મરુદ્ભિર્વૃષભો શ્રવો ધા) (૫) મરુતો હવે હે ઈન્દ્ર સત્યજ્ઞાનથી તને ધારણ કરે છે. (સુપ્રકેતેભિઃ સારાહિદંધાનો) (૬)

સારાંશ, ઈન્દ્ર અને મરુતોની સંવાદમય સ્થિતિ સિવાય મંત્રશક્તિ જાગૃત થતી નથી.

આ રીતે મંત્ર-જાગરણ કરીને જે અનુભૂતિ આવે તેને લક્ષ્યમાં લઈને જો વેદિક - સૂક્તોનો અર્થ લાગડશું તો તે સાચો હશે, કારણ આ પ્રક્રિયામાં જ પરાવાણી (સત્યવાણી) જાગૃત થાય છે.

આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

દિવ્યપૂર્ણતા

(પુસ્તિકા પૃ.૭-૧૩)   પ્રકરણ -૨

દિવ્યતા માટેનાં ત્રણ જરૂરી તત્ત્વો

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ પૂર્ણતાને માટે ત્રણ જરૂરનાં તત્ત્વો છે : (૧) પરમાત્મા જોડે અદ્વૈત (૨) વિરાટ (વૈશ્વિક) આત્મા જોડે અદ્વૈત (૩) વિજ્ઞાનમય કોશમાં..... આત્માને સ્થાપન (કરવો) પૃ.૭

૨ સામાન્ય રીતે માણસો આ નૈતિક સ્થિતિને જ આધ્યાત્મિક-જીવન ગણી લે છે. પૃ.૮

૩ આ (નૈતિકપૂર્ણતા) અવસ્થામાં તમે હવે તમારા અહંકારના સ્વામી બનવા લાગ્યા હો છો. પૃ.૯

૪ તમે સામી (આધ્યાત્મિક) બાજુએ ચાલ્યા જાઓ તે પહેલાંની આ છેલ્લી ભૂમિકા હોય છે. પૃ.૯

૫ (આધ્યાત્મિકતા) એ તો અનંત શાશ્વતને પોતામાં પૂર્ણ રીતે ધારણ કરી રહી છે. પૃ.૧૦

૬ આપણે ઈશ્વરને જાણી શકીએ છીએ અને પ્રભુમય થઈ શકીએ છીએ, કારણ કે મૂળથી જ આપણે પ્રભુ છીએ. પૃ.૧૦

૭ ઊર્ધ્વની જ્યોતિ કેવળ આત્માના સાદ અને મનના ટેકાની માગણી કરે છે..... એ (ટેકો) આધાર પ્રભુનો (મનમાં) વિચાર સ્થાપન કરવાથી, હૃદયમાં શ્રદ્ધાપૂર્વક તેની જરૂર સ્વીકારીને તેનો અભિલાષ ધારણ કરવાથી મળી જાય છે. પૃ.૧૧

૮ પ્રભુ ભક્તના હૃદયમાં જ બિરાજતો હોઈ તેનું સર્વ કાંઈ સ્વીકારી લે છે. પૃ.૧૧

૯ પ્રભુનો ખ્યાલ જેટલો વિશાળ અને જેટલો મહાન તેટલો સાક્ષાત્કાર પણ વિપુલ અને સમગ્ર થવાનો સંભવ છે. પૃ.૧૧

૧૦ ઈશ્વર એટલે અનંત સ્વતંત્રતા, સંપૂર્ણ એકતા અને અદ્વૈત જેમાં સર્વ પ્રાણીઓ જીવે છે. તે અદ્વૈત વ્યક્તિસ્વરૂપ છે તેમ અપૌરુષેય પણ છે. વિશ્વમાં આવિર્ભાવ પામતા ઈશ્વર તરીકે તે વ્યક્તિરૂપ છે. અનંત. સત્ તરીકે સર્વ શક્તિઓના આધારરૂપ તે વિરાટ (અપૌરુષેય) છે. પૃ.૧૧

૧૧ એ જ એક અનંત ચેતનારૂપે સર્વ ચેતનાઓમાં રહેલો છે અને તેમની સર્વ પ્રકારની ક્રિયાઓમાં વ્યાપી રહેલો છે. પૃ.૧૨

૧૨ એનો ગુપ્ત - આનંદ જ આત્માને તેના સર્વ (દુઃખ, વેદના વગેરે) અનુભવોમાં ટકાવી રાખે છે. પૃ.૧૨

૧૩ વ્યક્તિરૂપે ઈશ્વર સર્વજ્ઞ સર્વશક્તિમાન, યોગનો સ્વામી છે, તટસ્થરૂપે (અરૂપ તરીકે) તે ઈશ્વર સ્વયંપ્રજ્ઞાથી પૂર્ણબળ યાને શક્તિસ્વરૂપે પ્રત્યેક પદાર્થમાં અચૂક કાર્ય કરતો હોય તેવાં અનિવાર્ય પરિણામો નીપજાવે છે. પૃ.૧૨

૧૪ એક નિર્વ્યક્તિક હાજરી તેને ઉપર રહીને સંચાલિત કરતી હોય છે. પૃ.૧૩

૧૫ ઊર્ધ્વમાંથી અવતરતી કોઈ જ્યોતિ એનાં મન, પ્રાણ, શક્તિ અને ખુદ એના શરીરના કોષોને પરિપ્લાવિત કરી મૂકેલા હોય છે. પૃ.૧૩

૧૬ એક અમર્યાદિત પ્રેમસ્વરૂપ તત્ત્વ એને સર્વે પ્રાણીઓ સાથે સંબંધમાં મૂકી દે છે. પૃ.૧૩

૧૭ આ સર્વમાં અને સર્વની પાછળ તેણે એક દિવ્યતાનું સંવેદન અનુભવ્યું હોય છે જે દિવ્યતા પોતે જ આ સર્વ વસ્તુઓનું મૂળ સ્વરૂપ હોય છે. પૃ.૧૩

માનવને દિવ્ય-પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ત્રણ તત્ત્વોની જરૂર પડે છે :

૧ પ્રભુ સાથે એકરૂપતા સાધવી

૨ જગતદ્વારા પ્રકટ થતા વિરાટ વિશ્વાત્મા સાથે પણ એકરૂપતા અર્થાત્ પ્રભુ જ જગતદ્વારા પ્રકટ થઈ રહ્યાં છે એવી સભાનતા.

૩ વિજ્ઞાનમય કોષમાં આરોહણ અર્થાત્ વિષયદૃષ્ટિ જેમાં જ્ઞાતા, જ્ઞેય, ભેદ છે તેને ત્યાગવી અને તેની જગ્યાએ આત્મદૃષ્ટિ સ્થાપવી જેમાં જ્ઞાતા અને જ્ઞેય બન્ને એક જ આત્મતત્ત્વનો જ આવિર્ભાવ છે એવો અનુભવ. આને જ વિજ્ઞાન કહે છે, કારણ તેમાં ભેદબુદ્ધિનો મળ નથી. વિજ્ઞાન એટલે વિમળ જ્ઞાન. ''વિમલં જ્ઞાનં વિજ્ઞાનં''. આ વિજ્ઞાનમય કોષમાં પ્રવેશતા નિર્મળ જ્યોતિસ્વરૂપ અર્થાત્ હીરક-પ્રકાશમય

બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. હિરણ્મયે પરે કોશે વિરજં બ્રહ્મ નિષ્કલંમ્/તત્ શુભ્રં જ્યોતિષાં જ્યોતિઃ તદ્ યદ્ આત્મવિદો વિદુઃ ।। (મુંડક ૨/૨/૧૦)

આધ્યાત્મિકતા અને નૈતિકતા

પૂર્ણતાના ખ્યાલ બાબત દરેકનો વિચાર અને આદર્શ અલગ-અલગ હોય છે. તેમાંનો એક વિચાર નૈતિક - પૂર્ણતાનો છે. બધા જ નૈતિક-ગુણો પ્રાપ્ત કરી લેવાં એને નૈતિકપૂર્ણતા કહી શકાય. આમાં નૈતિક-સ્ખલન હોતું નથી. માનવનું દરેક કાર્ય પછી તે વિચાર, ભાવના કે કર્મસ્વરૂપ હોય તે બધામાં નૈતિક-પૂર્ણતાને જ વ્યક્ત કરવી એ માનસિક વિકાસક્રમની ટોચ બની જાય છે. આવી પૂર્ણ-વ્યક્તિ જગતમાં મળવી વિરલ છે, છતાં હોય છે.

પૂર્ણ નૈતિકતા એ જ અધ્યાત્મ નથી

પણ લોકો આવા પૂર્ણ-નૈતિકતા ધરાવતા વ્યક્તિને જ આધ્યાત્મિક - વ્યક્તિ ગણે છે એ ભૂલ છે. તે માણસ, ધાર્મિક હોઇ શકે, ઋષિ કે સંત હોઇ શકે, પણ પૂર્ણ - નૈતિકતા માણસને આધ્યાત્મિક બનાવી શકતી નથી. આધ્યાત્મિકતા ન પ્રાપ્ત કરીએ ત્યાં સુધી નૈતિક-પૂર્ણતા પ્રાપ્ત કરવા મથ્યા રહેવું એ યોગ્ય છે. સંપૂર્ણ નૈતિક-વ્યક્તિ આત્મતત્ત્વ બાબત અભાન અને અજાણ રહી શકે છે. માનવ તરીકેની તે ઉચ્ચતમ પૂર્ણતા છે કારણ નીતિની કલ્પના માનવમાં જ વિકાસ પામેલી છે, પણ અધ્યાત્મ તો માનવીકક્ષાથી માનવને ઉપર ઊઠાવી જાય છે. અધ્યાત્મમાં અહંકારને અતિક્રમી જવાનો હોય છે. પૂર્ણ નૈતિક-માનવ સાત્ત્વિક અહંકારમાં રહીને જીવી શકે છે. અહંકાર દુર્બળ થએલો હોય છે, પણ અસ્તિત્વ ધરાવતો જ હોય છે.

નૈતિક-પૂર્ણતા જરૂરી

પણ નૈતિક - પૂર્ણતા વગર અધ્યાત્મમાં પ્રવેશવું હિતાવહ નથી. તેથી અધ્યાત્મમાં વિકૃતિઓ આવે છે. માનવ બાહ્યરીતે અધ્યાત્મનો ઢોંગ રચે છે અને આંતરિક રીતે વિકારોમાં રાચે છે. તેવી નૈતિક-પૂર્ણતાનાં આદર્શની સાધના શરૂ કરી અમુક તૈયારીબાદ અધ્યાત્મમાં પ્રવેશવું હિતાવહ છે. પૂર્ણ અધ્યાત્મ નૈતિકપૂર્ણતા કરતાં ખૂબ જ ઉપરની વાત હોય છે. અધ્યાત્મનું ક્ષેત્ર પૂર્ણ-નૈતિકતાના ક્ષેત્રની પણ ઉપરનું છે. અધ્યાત્મમાં એક અનંત, શાશ્વત-તત્ત્વમાં ઓગળી જઇને તેને પોતામાં ધારણ કરવાનું હોય છે. ત્યારે આત્માના સ્વભાવ ઉપર આધારિત જે દિવ્ય-નિયમો જણાય છે તેનું પાલન કરવાનું હોય છે અને ત્યારે કદાચિત નૈતિક-નિયમોનો ભંગ થાય તો પણ ખેદ માનવાનો નથી. કારણ નૈતિક-નિયમો કરતાં આધ્યાત્મિક નિયમો વધારે વિશાલ-સત્યને, વધારે ઉચ્ચ-સત્યને ધારણ કરી રહેલાં હોય છે. (ક્રમશઃ)

સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૬૪-૧૭૧)

પ્રકરણ - ૨૭ અવતરણો

શરીરની ચેતનામાં ઉઘાડ

સમજૂતી - માનસિંહ ચાવડા

1 It is out of habit that it (physical nature) responds to the forces of illness. P.164

2 The body transmits it (experience of pain) to the vital and mental..... the vital gets disturbed - its forces dismissed - the mind.... is up set. P.164

3 The only thing to... it is to get.... the most material parts - open to the Power. P.165

4 Real passivity is openness to the High Force.... inert passivity is the wrong kind of passivity. P.165

5 An active movement is one - when some thing comes out from you... in a movement of thought, feeling.... to other or into the world. P.160

6 To be active is to throw out the consciousness or force or movement from within outward..... To be passive is to remain immobile and receive what comes from outside. P.166

7 Receptivity is the result of true passivity. P.166

8 Be in that state of complete inner stillness which allows full penetration..... one becomes permeable by the Force. P.166

9 Consciousness.... which becomes aware of the flame first (that rises to call down (the force) and then of the vase of receptivity (ie what seeks to be filled). P.167

10 Then you begin to grace the totality of movement in the cells. P.167

11 It will be proved that the physical material instrument is the most perfect of all (in receiving the things)

12 The body consciousness has many parts, these do not open or change

together. Also body is..... dependent on the subconscient. (so adverse reactions) P.168

13 It is the subconscient that is most determinative in matters of illness. P.168

14 Faith is the DIVINE Grace that we shall be able to conquer the defeatism of the subconscient. P.169

15 One most have an un altered perverance, be ready to begin again and again. P.170

16 The effect to be lasting.... it must really be result of a transformation. P.170

શરીરની ચેતના પોતાની ટેવ મુજબ યાંત્રિક રીતે પ્રતિક્રિયા દર્શાવવાનો સ્વભાવ ધરાવે છે. તેની આ ટેવ જ તેને માંદગી આપે છે. કોઇ વિરોધી-આંદોલન તેના શારીરિક કોષોમાં પ્રવેશી ન જાય ત્યાં સુધી તેને તે બાબત ખબર જ હોતી નથી. અભાન રહેવાની જાણે તેને ટેવ પડી ગઇ છે અને તેથી તે સર્વ વસ્તુઓ બાબત ઉઘાડી પડી જાય છે.

તેણે વિવેકથી ફક્ત દિવ્ય-શક્તિ અને તેનાં આંદોલનોને જ પ્રતિસાદ આપવાની ટેવ અભ્યાસથી વિકસાવવાની રહે છે. આવો અભ્યાસ ફક્ત મનનો કે ફક્ત પ્રાણનો પૂરતો નથી. તેમાં શરીરે પણ અનિવાર્ય રીતે સહભાગી થવું જરૂરી છે.

જ્યારે પણ કોઇ વેદનાનાં સંવેદનો શરીર અનુભવે છે ત્યારે તે, તે સંવેદનોને પ્રાણ અને મન તરફ પણ મોકલે છે. તેથી પ્રાણ ક્ષુબ્ધ થઇ જાય છે અને તેની વ્યગ્રતા તેની પ્રતિકારક્ષમતામાં ઘટાડો લાવે છે. મન અસ્વસ્થ થઈ જાય છે. આત્મવિશ્વાસ ગુમાવી દે છે અને સંકલ્પબળમાં નબળું પડી જાય છે. રોગ વધવાની આ સમગ્ર પ્રક્રિયા છે.

જ્યાં સુધી શરીરને દિવ્ય-શક્તિઓ પ્રત્યે ખુલ્લી નહિ કરીએ ત્યાર સુધી આનો કોઇ ઉપાય નથી. દિવ્ય-શક્તિઓનો પ્રભાવ સ્વીકારતા જ શરીરની રોગ-પ્રતિકાર શક્તિ વધી જાય છે, તેથી તે પ્રાણ અને મનને વેદનાનાં સંવેદનો ઓછાં મોકલે છે. તેનો આત્મવિશ્વાસ પ્રાણ અને મનને પણ બળ પૂરું પાડે છે.

શરીર જ્યારે શક્તિઓને ગ્રહણ કરવા સક્ષમ બને છે ત્યારે તેમાં સાચી તટસ્થતા - નિર્લેપતા આવી એમ કહેવાય છે. નિર્લેપતામાં જ કોષો સભાન અને સ્વતંત્ર બની શક્તિ ગ્રહણ કરવામાં સક્ષમ બને છે, તેથી નિર્લેપતામાંથી જ ગ્રહણશીલતા નિર્માણ થાયે એમ કહેવાય છે.

નિષ્ક્રિયતા અથવા નિર્લેપતા (passivity) અને સક્રિયતાનો (Activity) સાચો

ભેદ સમજી લેવો જરૂરી છે. સક્રિયતામાં આપણું સ્વરૂપ સક્રિય રહીને બહાર કાંઈક ચેતનાનું આંદોલન મોકલે છે. કોઈક વિચાર, કોઈક ભાવના કે કોઈક ક્રિયાનું આંદોલન, જ્યારે નિષ્ક્રિયતામાં આપણું સ્વરૂપ ચેતનાનું આંદોલન સ્વીકારે છે વિચાર, ભાવના કે ક્રિયાનું. સક્રિયતામાં બાહ્યગતિ હોય છે, નિષ્ક્રિયતામાં આંતરગતિ. જડ બની કોઈ વસ્તુ ન સ્વીકારવી એ નિષ્ક્રિયતા નથી. પણ ઊર્ધ્વની શક્તિઓ પ્રત્યે ખુલ્લા રહી તેમનો સ્વીકાર એ જ સાચી નિષ્ક્રિયતા છે. આમ સાચી નિષ્ક્રિયતામાં જ સાચી ગ્રહણશીલતા હોય છે એ સ્પષ્ટ થાય છે.

સાચી નિષ્ક્રિયતા જેને આપણે નિર્લેપતા કહીએ છીએ તે અભ્યાસથી સિદ્ધ થાય છે. તેને મેળવવાની તમન્ના એ તેના પ્રાથમિક પગલા છે. આંતરિક સંપૂર્ણ- એકાગ્રતા સ્વરૂપ નિષ્ક્રિયતા અર્થાત્ સજાગતામાં જ દિવ્ય-શક્તિઓ આપણા સ્વરૂપમાં પ્રવેશી શકે છે. તેની આરપાર પસાર થઈ શકે છે. શક્તિઓ તેમાં સહજ-આવાગમન કરી શકે છે.

જ્યારે આંતરિક-એકાગ્રતા સ્વરૂપ સજાગતામાં, સભાનતામાં આપણે હોઈએ છીએ ત્યારે અચાનક આપણું આંતરિક-ધ્યાન હૃદયમાં પ્રગટેલી જ્યોતિ તરફ જાય છે. તે એક ખૂબ જ સૂક્ષ્મ પણ એકાગ્રતાને અખંડિત રાખતું વિચલન-સ્વરૂપ હોય છે. પછી તેમાં સ્વીકાર થતા ચેતનાનાં આંદોલનોનાં સંવેદનો જાગે છે અને તે આંદોલનો શરીરનાં એકાગ્ર અને તદ્દન સભાન બનેલાં કોષો સ્વીકારી રહ્યાં છે. એવું આપણે અનુભવીએ છીએ. આપણું શરીર આંદોલનો સ્વીકારતી ફૂલદાની જેવું બની જાય છે. કોષો મોહરાતા લાગે છે, ખીલતા લાગે છે. જ્યારે શરીર રૂપાંતરિત થવાની સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરે છે ત્યારે આવો અનુભવ આવતો હોય છે. ત્યારે જ કોષો સંવેદનો સ્વીકારી શું અનુભવે છે તેનું સમગ્ર અને સાચું જ્ઞાન આપણે પ્રત્યક્ષ અનુભવી શકીએ છીએ.

શરીરમાં આ ગજબની ધારણશક્તિ હોવાથી શરીર જેવું પૂર્ણ માધ્યમ કે સાધન નથી, તેની તમને તીવ્ર રીતે પ્રતીતિ થાય છે.

શરીરની ચેતના એ કાંઈ એક જ એકમ-સ્વરૂપ ચેતના નથી. પણ વિવિધ સ્વભાવ, રીતરિવાજ, ભાષા ધરાવતી વિવિધ પ્રજાનો મિશ્ર સમુદાય એકાદા ભૂખંડમાં વસતો હોય તેવી સ્થિતિ ધરાવતી ચેતના છે અને તેના તે બધા ઉપવિભાગો એકીસાથે બદલાતા કે વિકસતા પણ નથી. ખરેખર તો દરેક કોષની પોતાની વિકાસની ગતિ અને લય હોય છે. તેમાંના જે કોષો અવચેતનના પ્રભાવ નીચે વધારે હોય છે, તે જ માંદગીને વધારે આમંત્રણ આપી બેસે છે; કારણ તે ભીરુ હોય છે, હતાશા અને ગુલામીથી

પીડાતા હોય છે.

જ્યારે રોગગ્રસ્ત ભાગ ઉપર શક્તિનું દબાણ સંકલ્પબળે મૂકવામાં આવે છે ત્યારે આવા કોષો જ ગભરાઇને પોતે ધારણ કરેલા રોગનાં પીડાતાં આંદોલનો વધારીને પોતાનો ડર પેદા કરે છે. આવી પરાભૂત ભાવના ઉપર વિજય મેળવવો એ પણ એક મહત્ત્વની બાબત છે. પ્રભુકૃપાની છત્રછાયા અને સભાન સ્વીકાર સિવાય આવી અવચેતનમાંની પરાભૂત વૃત્તિને જીતવી શક્ય નથી. કારણ આવા કોષો સતત અવરોધો, સંકટો, મુશ્કેલીઓની બિહામણી કલ્પનાઓ કરીને આપણા સંકલ્પને નબળો પાડતા હોય છે.આ વાસ્તવિકતા હોવાથી અવચેતન સામે લડવા માટે ચીવટાઇ, ધીરજ, શાંતિની ખૂબ જ જરૂર પડે છે. એકની એક વાત હજારો વખત કરવા છતાં તેની ગડી બેસતી નથી. આમાં નિરુત્સાહી થવાનું હોતું નથી, પણ એક દિવસ જરૂર વિજય મળશે તેવી શ્રદ્ધાને સતત જાગતી રાખવી પડે છે. ટકાઉ બદલ તો ત્યારે જ આવે છે જ્યારે તે તત્ત્વ રૂપાંતર પામવાની અણી ઉપર હોય છે.

તેથી સીધો ને સરળ ઉપાય છે - શરીરના કોષોના રૂપાંતરનું જ અંતિમ ધ્યેય રાખવું. બાકી બધી તો વચગાળાની કક્ષા સમજી સતત પ્રગતિ તરફ જ ધ્યાન આપવું.

શરીરની ચેતનામાં આ રીતે જ ઉઘાડ લાવી શકાય છે અને ઉઘાડ જ દિવ્ય-શક્તિઓને પ્રવેશ કરાવીને રોગ-નિવારણ શક્ય બનાવે છે.

(અનુ.પૃ.૪૧ ઉપરથી) **વિદ્યાર્થીઓને માર્ગદર્શન**

કંટાળો પણ આવે છે.

જરૂરી પૂરતું બોલો એ જ સાચો નિયમ છે. તે ટેવ પાડવા પ્રથમ પગલું એ લો કે દિવસ દરમિયાન એક કલાક હું ફક્ત જરૂરી એ જ બોલીશ. તેમાં તમારી સગવડ મુજબનો એક નિશ્ચિત કલાક લોકો સાથે કામ કરતા હો તે વખતનો ખાસ લો. તેના અભ્યાસમાં પ્રથમ વાત એ આવશે કે અનિવાર્ય શબ્દો કયા છે, એ પણ મહત્ત્વનો અભ્યાસ બની જાય છે. કોઇ બોલતું ન હોય તે વખતે તમારો અભ્યાસ સારો ચાલશે. પણ વાત ચાલતી હશે ત્યારે આકરી પરીક્ષા લેવાશે. પછી જે બોલ્યા હો તેમાં તમે કયા નિરર્થક વધારાના શબ્દો બોલ્યા તે શોધી કાઢો. બીજી વખતે તે ભૂલ ન થાય તેની કાળજી લો. આમ સમયગાળો વધારતા જાઓ, જેથી અંતે જરૂરી બોલવાની જ ટેવ પડી જશે. પૃ.૧૨૧

વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

વ્યવહારુ સમસ્યાનો વ્યવહારુ ઉકેલ

પ્રકરણ - ૨૦ (Lights for students - P. 113-121)

(ગતાંકથી ચાલુ)

પ્રગતિનો માર્ગ કયો છે ?

૧૦ કોઇ અસંમતિ દર્શાવે તો કેવી રીતે વર્તવું ?

સામેવાળાની અસંમતિ જોતાં જ માણસ ઉશ્કેરાઇ જઇ ઉગ્રતા પકડે છે. આ તેનો ખોટો પ્રત્યાઘાત હોય છે. ઉગ્રતા એ અહંકારની અચૂક નિશાની છે, આપણે તે વખતે અહંકારના ગુલામ થઇ જઇએ છીએ. બીજું, પ્રભુ ઇચ્છાથી જ બધું થાય છે. બાહ્યસંજોગો આપણી પ્રગતિ માટે જ ગોઠવાતા હોય છે. તેમાં અસંમતિ પણ એક પ્રકાર છે. અસંમતિના પ્રસંગે વિવેક કરવો જોઇએ કે, ''જો તેઓ સાચા હશે તો તેઓ મારું ભલુ જ કરે છે અને જો હું સાચો હોઉં તો મારે તેમની મૂર્ખાઇ માટે દુઃખ શા માટે લગાડવું જોઇએ ?

બન્ને રીતે મને તો ફાયદો જ છે. મારે સ્થિર, શાંત અને વિવેકપૂર્ણ રહેવું એ જ યોગ્ય છે. પ્રભુ ઉપર શ્રદ્ધા રાખો, સમસ્યા પોતાનો ઉકેલ પોતે જ દર્શાવશે. ઉતાવળ કરો નહીં.

માતાજી આ ઉપાય નાના આઠ વર્ષનાં હતાં ત્યારે યોજતાં, જે આજે પણ યોગ્ય જ છે એમ માતાજી જણાવે છે. પૃ.૧૧૭

૧૧ સમસ્યાનું નિરાકરણ કેવી રીતે કરવું ?

સમસ્યા ઊભી થાય ત્યારે તેના નિવારણનાં વિવિધ યત્નો, તે પૈકી સારો કયો તેની ગડમથલ, તે નિવારણથી થતા ફાયદા કે નુકસાન, અને બીજી અનપેક્ષિત શક્યતાઓથી ભયભીત થયા વગર ફક્ત પ્રભુ પ્રત્યે પૂર્ણ-શ્રદ્ધા અને સમર્પિતભાવ રાખી શાંત થઇ જાઓ. સમસ્યા નિર્માણ કરનારા પ્રત્યે પણ શુભભાવ ધારણ કરો. આ અવસ્થામાં સ્થિર થતાં જ થોડી જ વારમાં તમારા શાંત ચિત્તમાં યોગ્ય ઉપાયના શબ્દો પ્રગટ થશે અને તે તમે સાંભળી અને સમજી શકશો. આ રીતે તમારી સમસ્યાનો ઉકેલ તરત આવી જાય છે.

ચિત્તને શાંત કરવા ચેતનાની વિશાળતા ધારણ કરી રાખો. તેમાં પ્રકાશનું આવાહન કરો અને તેની પ્રતીક્ષામાં સ્થિર થઇ જાઓ. પ્રકાશ આવશે જ સાથે સાથે તમારી સમસ્યાનું નિરાકરણ પણ લાવશે. પૃ.૧૧૮

૧૨ પ્રગતિ કરવા શું કરવું?

તમે જેટલો પ્રયત્ન કરો છો તેટલો જ અને તેવો જ કરવાથી પ્રગતિ નહીં થાય. પ્રગતિ માટે તમારે કરતા હતાં તેના કરતાં વધારે પ્રયત્ન કરવો પડશે. તેના કરતા સારો પ્રયત્ન પણ કરવો પડશે. પહેલા કરતા વધારે સાચી સમજણ સાથેનો અને સાચી દિશામાં પણ પ્રયત્ન કરવો પડશે.

જો પ્રયત્ન યથાવત્ જ રહેશે તો તમે પ્રગતિ તો નહીં કરો પણ પતનની શરૂઆત થઇ જાય છે. તેથી પ્રયત્નોમાં સતત વધારો, ગુણવત્તામાં વધારો, સમજણમાં વધારો અને સાચી દિશામાં વધારો કરતા જ રહેવો પડશે.

આને કારણે તમારી તક પકડી લેવાની ક્ષમતા વધશે અને તમારી ગ્રહણશીલતાને કારણે સમજણ પણ વધતી જશે.

આને કારણે આપણા અવયવોની ક્ષમતા અને ગુણવત્તા વધુ ને વધુ પોતાની મેળે સુધરતી જાય છે. દા.ત. સ્નાયુને કસવા અને સુડોલ કરવા કસરતની તો જરૂર છે જ. સાથે સાથે તેમની ક્ષમતા અને ગુણવત્તા વધારવા મસાજની પણ જરૂર છે. પૃ.૧૧૮

૧૩ તામસી પ્રકૃતિને બદલવા અમારે શું કરવું?

તામસી પ્રકૃતિ એટલે જડ, આળસુ પ્રકૃતિ. તેને માટે આપણી ચેતનાને એકાગ્ર કરીને દૃઢ સંકલ્પ બળથી, પૂર્ણ શક્તિ સાથે આપણી પ્રકૃતિને દબડાવવી પડે છે અને કહેવું પડે છે : ''આગે..... બઢો..... અર્થાત્ ચાલવાની કસરત કરો.''

જો તે આળસુ પ્રકૃતિ તે મુજબ ન વર્તે તો તેને કહો, ''અચ્છા, તને ચાલવું નથી, તો પંદરસો મીટરની દોડ શરૂ કર, બસ ! તે કહે ''આજે ઠીક નથી'' તો ઠીક છે, ચાર હજાર દોરી-કૂદકા, બસ !''

(આળસ ખંખેરવા કઠોરતાથી કાર્ય કરાવવાની ટેવ પાડવી જરૂરી છે)

અભ્યાસ કરવામાં પણ આળસ લાગે તો ઉપરનો જ ઉપાય ખાસ કરજો..... પૃ.૧૧૯-૧૨૦

૧૪ બોલકાપણા ઉપર ઉપાય શું કરવો?

વધુ બોલબોલ કરવાથી તમારી શક્તિ તો ખર્ચાય છે પણ સામેવાળાને તમારો

(અનુ.પૃ.૩૯ ઉપર)

સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

માનવરૂપે દેવ

(પૃ.૧૪૭-૧૪૮)

૧૮૪૪ની સાલ. કલકત્તાની સંસ્કૃત-કૉલેજમાં વ્યાકરણના પ્રોફેસરની જરૂર હતી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું નામ તે વખતે પ્રખ્યાત હતું, તેથી તેમને મહિને રૂા.૯૦/-ના પગારે લેવાનું કૉલેજે નક્કી કર્યું અને તેવો પત્ર ઈશ્વરચંદ્રને લખ્યો. ત્યારે ઈશ્વરચંદ્ર બીજે પણ શિક્ષક તરીકે સેવા આપતા. તેમનો પગાર હતો મહિને રૂા.૫૦/-

ઈશ્વરચંદ્રના મિત્ર તર્કવાચસ્પતિ નોકરીની શોધમાં હતા. આ વાત ઈશ્વરચંદ્રને ખબર હતી. તેમણે સંસ્કૃત કૉલેજને તેમની નિમણૂક કરવા વિનંતી કરી. કૉલેજે માન્ય રાખી. આ ખુશખબર આપવા ઈશ્વરચંદ્ર પોતાના મિત્રને ઘેર દોડી ગયા અને વાત કરી. તર્કવાચસ્પતિને ખૂબ જ આનંદ થયો.

જ્યારે તેમને ખબર પડી કે ઈશ્વરચંદ્રે કેવો ત્યાગ કર્યો છે અને તે પણ તેમના માટે ત્યારે તે રોઈ પડ્યાં અને બોલ્યા :

"ઈશ્વરચંદ્ર તો માનવરૂપે દેવ વિચરી રહ્યાં છે."

શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

Aphorisms

(માતૃવાણી ભા-૧૦, પૃ.૫૬-૫૮) - પ્રકરણ-૨૦

પ્રભુના સંકલ્પની મહત્તા

સમજૂતી - માનસિંહ ચાવડા

પાપ શું છે અને પુણ્ય શું છે તે હું ભૂલી ગયો છું. હું તો માત્ર પ્રભુને જોઇ શકું છું. જગતમાં તેની લીલાને અને માનવજાતિમાં તેના સંકલ્પને જોઇ શકું છું. (૨૭)

''માતાજી, દરેક ઠેકાણે પ્રભુનો જ સંકલ્પ કામ કરતો હોય તો અંગત-સંકલ્પનું સ્થાન શું?''

''બેટા, પૃથ્વી ઉપર ઉત્ક્રાંતિ પ્રભુના યોજનાનુસાર જ પ્રકૃતિ વિકસાવી રહી છે. દરેક વિકાસ એ સમગ્ર મહા આયોજનનું જ એક અંગ હોય છે.''

પ્રકૃતિના પોતાના કાર્યમાં અંગત સંકલ્પની ખૂબ જ જરૂર હોય છે. અંગત સંકલ્પ પ્રકૃતિના આયોજન સાથે સુસંગત હોય તો પ્રકૃતિનું આયોજન તરત સફળ થવા માંડે છે. જો વિરોધી હોય તો ત્યાં આયોજન અવરોધો વચ્ચે ધીમે ધીમે પાર પાડવામાં આવે છે. માનવનો સંકલ્પ વિરોધ અને અપયશથી ઘેરાઇ જાય છે.

માનવ-સંકલ્પ પ્રથમ વિચાર તરીકે નિર્માણ થાય છે. પછી તેમાં પ્રાણનાં આવેગો, બળ, ઉત્સાહ ઉમેરાય છે. તેને કારણે માનવની કાર્યસાધક-શકિત સક્રિય બને છે અને ભૌતિક પરિણામ રચે છે.

પ્રભુની સંકલ્પ-શક્તિનો વિકાસ આ રીતે ક્રમશઃ થએલો હોતો નથી. તેમાં પ્રભુને દર્શન થાય છે અને દર્શનમાં જ અવિરોધ્યકારક શક્તિ પણ હોય છે. ત્યાં જ્ઞાનશક્તિ અને સર્જનશક્તિ જુદાં નથી. એક જ દિવ્ય-શક્તિનાં અવિભાજ્ય પાસાં છે. માનવમાં તે બન્ને અલગ પડી ગએલી છે, તેથી નબળી પડી ગએલી છે. તેથી ઘણી વખત તે અસ્પષ્ટ હોય છે. તેમાં ફેરફારો થાય છે.

પ્રકૃતિની ક્રિયાશક્તિ પ્રભુના સંકલ્પથી જ સીધે સીધી સંચાલિત થાય છે. માનવ- સંકલ્પશક્તિ જો પ્રભુની સંકલ્પશક્તિને અથવા પ્રકૃતિની સંકલ્પશક્તિ સાથે પૂરક બની રહે તો તે તત્કાળ સફળ થવા માંડે છે.

માનવની સંકલ્પશક્તિ એ પ્રભુનું પોતાનું કાર્ય પાર પાડવાનું સાધન છે. આ

સાધનને તે, સાધકમાં વિકાસ કરાવવા અથવા વિશ્વ-વિકાસમાં બન્ને રીતે વાપરે છે.

પ્રભુ જ આપણી સંકલ્પશક્તિને શુદ્ધ કરતો જાય છે. ફક્ત આપણે નિષ્પાપ બાળકની જેમ પ્રભુના ભરોસે જીવન જીવતા શીખવું જોઇએ.

શ્રી અરવિન્દ આ જ વિચાર તેમના ૨૮મા વિચાર - સૂત્રમાં જણાવે છે : **"મેં બાળકને ધૂળમાં આળોટેલું જોયું અને એને જ મેં એની માએ સાફ કરેલું અને ચોખ્ખું ચટ ચમકદાર જોયું, પરંતુ એ દરેક વખતે હું તેની પૂર્ણ પવિત્રતા સમક્ષ કંપી ઉઠ્યો** (૨૮)

''માતાજી, શું બાળક પોતાની નિષ્પાપીતા યુવાનીમાં પણ જાળવી શકે છે?''

''સૈદ્ધાંતિક રીતે તેનો જવાબ 'હા' છે. બાળક નાનું હોય ત્યારે તેની પ્રકૃતિનાં ગુણદોષો પણ સુપ્ત-અવસ્થામાં હોય છે અને તેની વિવેકશક્તિ પણ. તેથી પશુ-જીવનની જે પવિત્રતા હોય છે, પારદર્શકતા હોય છે તે બાળકમાં પણ દેખાય છે. તેમાં સ્વાર્થ, ગણતરી, ઢોંગ, સ્વામીત્વની ભાવના ઓછી હોય છે. તે પોતાની સહજ પ્રેરણાઓને અનુસરે છે.

જે બાળકોના પ્રકૃતિના ગુણદોષો કરતાં વિવેકશક્તિ વહેલી ખીલી ઊઠે છે તેઓ પોતાની પવિત્રતા જાળવી શકે છે. જેમની વિવેકશક્તિ ધીમે વેગે વિકસે છે તેના પ્રકૃતિના ગુણદોષો વહેલા પ્રગટ થઇને તેની ચેતનાને કલુષિત કરી નાંખે છે.

માનસિક અહંકારના વિકાસ સાથે સાચું-ખોટું, સારું-નરસું, પાપ-પુણ્ય વગેરેના લેખાજોખા શરૂ થાય છે, જે સહજ પવિત્રતાનો નાશકરે છે.

પણ સમાજ, કુટુંબ, શિક્ષકના દબાણ હેઠળ વિદ્યાર્થી પોતાની સહજતાને દફનાવી દે છે અને કૃત્રિમ સંસ્કારિતા નિર્માણ કરે છે. આ વ્યક્તિત્વના વિભાગો તેને દંભી બનાવે છે. તેની પ્રાણમય-વાસનાઓ અદમ્ય બને છે. પ્રાણમય-વિકાસ દરમ્યાન આ ઘટનાઓ બને છે.

મનોમય-વિકાસમાં જો વિવેકશક્તિને કેળવવામાં આવે, જીવન સામે સાચા આધ્યાત્મિક આદર્શો રચવામાં આવે તો તે વિભાજન પૂરવાની પ્રક્રિયા શરૂ થઇ શકે છે. આને જ આપણે 'વિશુદ્ધિકરણ' કહીએ છીએ, પણ આમાં પ્રાણશક્તિનો સહકાર જરૂરી છે, જેથી દિવ્ય-વિચાર દિવ્ય-અભીપ્સા સ્વરૂપ બની જાય છે.

બાળકની પવિત્રતા કરતાં આ પવિત્રતા વધારે સમર્થ હોય છે. તે માનવને ઊર્ધ્વ-ચેતનામાં આરોહણ કરવા મદદરૂપ થાય છે.

શ્રી અરવિન્દ સૂચવે છે કે માનવે દિવ્ય પ્રકૃતિરૂપ માતાને સ્વચ્છતાનું કામ કરવા તેના બાળક તરીકે પવિત્ર - સંમતિ આપવી જરૂરી છે.

પોરબંદરના શ્રી અરવિન્દ કેન્દ્ર બાબત
શ્રી જ્યોતિબેન થાનકીની અપીલ

૧૯૩૭ થી કાર્યરત આ કેન્દ્રનું પોતાનું નિશ્ચિત સ્થળ નથી. સદર કેન્દ્રની સ્થાપના શ્રી સુંદરમ્‌ના હસ્તે શ્રી અમુભાઈ ઠકરારના ઘરે કરવામાં આવેલી. પોતાના મકાન માટે કેન્દ્રના સાધક ભાઈ-બહેનો પોતાની ક્ષમતાનુસાર મહત્તમ ફાળો આપવાના છે. અંદાજિત ખર્ચ રૂા. ૫૦ લાખ છે, આર્થિક સહાય ૮૦Gને પાત્ર છે.

શ્રી અરવિન્દની સેવામાં સહભાગી થવા આપની સહાયનો ચેક/ડ્રાફ્ટ શ્રી અરવિન્દ સોસાયટીના નામે નીચે પૈકી એક સરનામે મોકલી આપવા વિનંતી :

(૧) **ડૉ. જિજ્ઞેશ પ્રશ્નાની**, શ્રી ગણેશ કૉલોની, ગેલેક્ષી એપાર્ટમેન્ટ પાસે, વાડી પ્લોટ, પોરબંદર - ૩૬૦૫૭૫ મો. : ૯૮૨૪૩૬૪૩૬૨

(૨) **શ્રી ડી.કે. થાનકી**, શેરી નં. ૧, ખાખ ચોક, પોરબંદર - ૩૬૦૫૭૫
મો. : ૯૯૭૮૫૪૨૬૬૮

કેન્દ્રનાં નવા પ્રકાશનો
શ્રી માતાજીના વાર્તાલાપો - ભા. -૧ થી ૭

(શ્રી માતાજીના બધાં જ વાર્તાલાપોનો આમાં સમાવેશ થયેલ છે.)

ભાગ : ૧,૨,૩ અને ૬,૭	**રૂા. ૨૦૦/- (પ્રત્યેકી)**
ભાગ : ૪,૫	**રૂા. ૧૭૫/- (પ્રત્યેકી)**
હાર્ડ બાઉન્ડ, જેકેટ સાથે	લે. માનસિંહ ચાવડા

પોસ્ટેજ ખર્ચ અલગ

(પૃ. ૨૦ ઉપરથી)

વેદવિજ્ઞાન

પ્રસન્ન થયા અને તેમણે તે સમતુલા સ્થાપી.

યોગમાં પણ પ્રાણ અને અપાનને વ્યવસ્થિત કરવાની જ વાત છે (પ્રાણાપાન સમાયુક્તઃ - ગીતા) આવી રીતે જ્યારે પ્રાણ-અપાન સંતુલિત થાય છે ત્યારે ઘોષા રોગમુક્ત થાય છે. અર્જન એટલે કમાવું, પ્રાપ્ત કરવું. પ્રાણ અને અપાનની સમતુલા મેળવવી એ જ અર્જન છે. તેની સાથે જોડાઓ તો જ રોગ નષ્ટ થાય છે. જ્યારે તે સમતુલા નથી સચવાતી ત્યારે તેની ક્ષમતાઓ કોહવાઈ જાય છે, કુષ્ઠ થાય છે.

પ્રાણ અને અપાનની સમતુલાનું મહત્ત્વ દર્શાવતી આ કથા છે.

'પ્રેમ'

- હર્ષદ ઠકરાર

થોડા સમય પહેલાં ફેબ્રુઆરી માસમાં 'વેલેન્ટાઇન ડે'ની ઉજવણી થઇ. આ ઉજવણી પ્રેમની ચેતનાની મહાનતાને બદલે મન, પ્રાણ અને શરીરની આજ્ઞાનતાના પ્રતિનિધિરૂપ બની રહી. આ ઉજવણી માનવની સજીવનતાને બદલે યાંત્રિક માનવની પેદાશરૂપ બની રહી, કારણ કે આજના માનવસમાજે પ્રેમની સાચી સંવેદના ગુમાવી દીધી છે અને તેને કારણે માનવ યંગમાનવ 'રોબોટ' બની ગયો છે.

માનવ શા માટે યંત્રવત્ બની ગયો છે તે સમજાવતાં શ્રી માતાજી જણાવે છે,

''દિવ્યપ્રેમનો સંપર્ક તમે અનુભવો છો, ત્યારે તમે આ પ્રેમને દરેક વસ્તુમાં અને દરેક પરિસ્થિતિમાં જુઓ છો.''

- શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યા મુજબ આ ભૌતિકવાદી સમાજે દિવ્યતા સાથેનો તેનો સંપર્ક ગુમાવી દીધો છે. માનવ પાર્થિવ-જીવન જીવતો થયો છે. માનવપ્રેમને પ્રાપ્ત કરવા માટે દિવ્યતા સાથે સંપર્ક સાધવાનો છે. આ સંપર્ક સાધી માનવ પુનઃ પોતાની સંવેદના પ્રાપ્ત કરશે ત્યારે શક્ય છે, આથી માનવે પોતે યંત્રરૂપે મન, પ્રાણ કે શરીરરૂપ નથી, પરંતુ પ્રભુના કાર્ય માટે ધારણ કરેલ એક સ્વરૂપ છે એમ અનુભવવાનું છે. આ અનુભવ દ્વારા ચૈત્યપુરુષને અગ્ર ભાગે લાવવાનો છે. માનવે ચૈત્યપુરુષ અગ્ર ભાગે આવવાથી માનવે પોતાને યંત્રવત્ નહીં પરંતુ પરમ પ્રભુનું સજીવ સ્વરૂપ અનુભવી દિવ્યપ્રેમ સાથે પોતાનો સંપર્ક સ્થાપે છે.

દિવ્યપ્રેમ સાથે સંપર્ક સ્થાપવાથી માનવ પોતાના જીવનમાં વસ્તુ અને દરેક પરિસ્થિતિમાં દિવ્યતાની હાજરી અનુભવશે.

પ્રેમ એ કાંઇ વર્ષાની ઋતુમાં વરસાદ પડે અને સૂકાય જાય તેમ ક્ષણિક નથી, પરંતુ પ્રેમ તો અનંત મહાસાગર છે. પ્રેમ અનંત હોઈ, પ્રેમને અભિવ્યક્ત થવા કોઈ નિશ્ચિત દિવસની જરૂર નથી, પરંતુ પ્રેમ તો પ્રત્યેક ક્ષણે ઉછળતો મહાસાગર છે. જે રીતે મહાસાગરમાં મોજાં સતત અવિરત રીતે ઉત્પન્ન થાય છે તે રીતે પ્રેમનાં સંવેદનો સતત આ જગતમાં પ્રસરતા રહે છે. જે રીતે મોજાંની શરૂઆત અને અંત આપણે જાણતા નથી તે રીતે પ્રેમની શરૂઆત અને અંત આપણે જાણતા નથી. એટલે જ પ્રેમ

શાશ્વત છે.

શાશ્વત પ્રેમ માનવને માનવામાં પરસ્પર કેવાં સંવેદનો જન્માવે છે તે સમજાવતાં શ્રી માતાજી જણાવે છે,

The Divine's love can generate in all peace and the satisfaction that comes from benevolence."

- The Mother

''પ્રભુનો પ્રેમ વધારવા શાંતિનું અને ભલમનસાઈમાંથી જન્મતી તૃપ્તિનું નિર્માણ કરી શકે છે.''

- શ્રી માતાજી

હાલ માનવ યંત્રવત્ જીવન જીવતો હોવાથી પ્રભુના પ્રેમની શાંતિ અનુભવી શકતો નથી, માનવ તૃપ્તિ પણ અનુભવી શકતો નથી. આ કારણને લઈ માનવ-માનવ વચ્ચે મતભેદ સર્જાય છે અને જગતમાં માનવ-માનવ વચ્ચે અવિશ્વાસ જન્મે છે. આ દુઃખદ પરિસ્થિતિમાંથી મુક્ત થવા માટે માનવે પોતાનામાં પ્રભુનો દિવ્યપ્રેમ સ્થાપવાનો છે. આ દિવ્યપ્રેમ જ માનવમાં શાંતિ અને તૃપ્તિનું સ્થાપન કરશે ત્યારબાદ માનવ તેની આસપાસ વાતાવરણ, પ્રકૃતિ, સમાજ વગેરે તમામ તત્ત્વો વચ્ચે સંવાદિતા અનુભવશે.

માનવ-સંવાદિતાની અનુભૂતિ દ્વારા જે કાંઇ અસ્તિત્ત્વ છે તે પરમ પ્રભુના પ્રેમના કારણે છે. પરમ પ્રભુ અનંત હોય તેની અભિવ્યક્તિ તથા તેના દ્વારા આર્વિભૂત થયેલ અસ્તિત્ત્વોમાં પણ પરમપ્રભુની અનંતતા આપોઆપ સમાવિષ્ટ થયેલ છે.

માનવ પ્રભુની અનંતતા અનુભવો થવાથી હાલ પોતાની જે સીમિતતા છે તેમાંથી મુક્ત થઈ પ્રભુમય બની જાય છે. માનવ પ્રભુમય બનતો હોવાથી માનવને અગ્નિમાં રહેલ પ્રભુની ઠંડકની હાજરી અનુભવાય છે, જે આપણને ભક્ત પ્રહ્લાદે જે રીતે ધગધગતા થાંભલાને બાથ ભીડી હતી તે દ્વારા અનુભવાય છે.

પ્રેમ માનવને ડાકુમાંથી દિવ્યતાના પ્રતિનિધિરૂપ માનવમાં રૂપાંતર કરી આપે છે. અંગુલીમાલ ખુંખાર ડાકુ હતો. તે બુદ્ધના સંપર્કમાં આવવાથી બુદ્ધનો શિષ્ય બની ગયો હતો.

આ ભાવ સમજાવતા શ્રી માતાજી જણાવે છે,

"May the Divine love dwell as the sovereign master of our hearts and the Divine's knowledge never leave our thoughts.

- The Mother

''પ્રભુનો પ્રેમ આપણા હ્રદયના પરમ માલિક તરીકે રહે અને પ્રભુનું જ્ઞાન આપણા વિચારોમાંથી કદી દૂર ના થાઓ.''

- શ્રી માતાજી

પ્રભુનો પ્રેમ માનવના હ્રદયનો માલિક બની જતો હોવાથી માનવ હંમેશા પ્રભુના જ્ઞાનથી વિચારશે જે આપણને ભક્ત પ્રહ્‌લાદ અને અંગુલીમાલના દાખલા દ્વારા અનુભવાય છે.

પ્રભુના જ્ઞાન દ્વારા માનવ અનુભવે છે પ્રેમ. તમામ અંતર અને દાયરાઓમાંથી બહાર નીકળીને એવા બંધનમાં બાંધે છે જે વાસ્તવિકતામાં મુક્તિ છે અને આ જ પ્રેમનું રહસ્ય છે. સમાન વિચારધારા, સમાન પસંદ કે નાપસંદ હોવું પ્રેમની અનિવાર્ય શરત નથી. પ્રેમ માનવને પોતાના વિકાસ માટે પ્રેરિત કરે છે.

પ્રેમ માનવને પોતાની આજુબાજુ રહેલા લોકો ઉપર પોતાના વિચારો ઈચ્છાઓ ઠોકી બેસાડીને તેના પર આધિપત્ય સ્થાપવાના સરમુખત્યારશાહીમાંથી મુક્ત કરી દરેક માનવ પરમ પ્રભુનો એક અંશ છે તેની અનુભૂતિ આપે છે. એટલે માનવ-માનવ વચ્ચે ઉત્પન્ન થતા તમામ પ્રશ્નોનું નિરાકરણ આપોઆપ આવી જાય છે.

પ્રેમ માનવને સહજ બનાવી આપે છે જેથી માનવ પરસ્પર હરીફાઈ કરતો નથી કે પોતે બીજાથી સર્વશ્રેષ્ઠ છે તેમ અનુભવતો નથી, પરંતુ પોતે પ્રભુનું હથિયાર છે એમ અનુભવે છે. પ્રેમનો આ ભાવ માનવને અહંકારમાંથી મુક્ત કરી આપે છે.

માનવ-અહંકારમાંથી મુક્ત થતો હોવાથી તે પોતાની જાતને પરમ પ્રભુને સમર્પિત કરે છે, જે દ્વારા માનવ માનવ રહેતો નથી પરંતુ માનવ પ્રભુમય બની જાય છે, જે આપણે મીરાં, નરસિંહ મહેતા, કબીર વગેરેનાં જીવનમાં અનુભવીએ છીએ.

પ્રેમ માનવને અહંકારમાંથી મુક્ત કરતો હોવાથી માનવ તેની અપરા પ્રકૃતિમાંથી મુક્ત થઇ પરાપ્રકૃતિ દ્વારા જીવન જીવે છે. આ જ છે પૂર્ણયોગની શરૂઆત.

આવો આપણે સૌ દિવ્ય-ચેતના સાથે સંપર્ક સાધીને પૂર્ણયોગમાં પ્રવેશ કરીએ એવી કરુણામય માને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....



શ્રી અરવિંદ

A treasurer of supehuman dreams,
His days were a long growth to the Supreme.
A skyward being nourishing its roots
On sustenance from accult spiritual founts
Climbed through white rays to meet an unseen Sun.

Savitri B-1, C-3, P-22-23

અશ્વપતિની ઊર્ધ્વયાત્રા

ભાવાનુવાદ

સંઘરતો અને સેવતો, સ્વપ્નો અતિમાનવ તણાં,
હરદિને અલ્પ વિકસતો, પરમતત્વનાં રૂપમાં.
ઊર્ધ્વ ક્ષેત્રેથી પોષતો, જીવાત્મા છેડાં પોતા તણાં,
મેળવે તે શક્તિ તણાં, પ્રવાહો ગૂઢ પરમાત્મના.
મળવા અળદેખ્યા સૂર્યને, વટાવતો તેજ શ્વેતદીપ તણાં.

શ્રી વૈદનાથમ્

(પરળી - મરાઠાવાડા) (દેવગઢ - બિહાર)

માર્કન્ડેય મહામુનિ, પણ અલ્પાયુષીનું ભાગ,
સપ્તર્ષિ ઉપાય જણાવતા, પુરુષભાવે જ તું જાગ.
મુનિ 'સોહં' ભાવ ધરે, અચલ સાક્ષીતત્ત્વે નિવાસ,
મૃત્યુટાણે કૈવલ્યે સ્થિતિ, ને પ્રચંડ શિવ-વિશ્વાસ.
મૃત્યુ સમય ટળી ગયો, મળ્યું અમર-પદ દાન,
શિવારાધને સફળ થયું, વૈદનાથ સ્થળે એ આમ.
પુરુષભાવને 'આત્મલિંગ' કહે, જે પરબ્રહ્મ નિશ્ચિત,
દિવ્યપ્રકૃતિને જ્યોતિર્લિંગ ગણે, જે બ્રહ્મશક્તિ ખચિત.
રાવણે તે માંગતા, ન મળ્યું એને એ ભાગ્ય,
તેથી રામહાથે હણાઈને, લીધી તેણે વિદાય.
મૃત્યુ ડર નિવારતું, એ અમૂલ્ય તેનો ગુણ,
મૃત્યુંજય - મંત્રના જપ થકી, એ પરંપરા તું સુણ.

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો

સહજ સત્સંગ માસિક www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

પુસ્તકો www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦

Registered with the registrar of Newspaper of INDIA
RNI No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2014

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**